YUVA UPNISHAD
PUBLICATION

1st Colour Edition



જિલ્લાના મહત્વનાં
તાલુકા સાથેની સમજ

# ગુજરાતના જિલ્લાઓ

ભૌગોલિક, આર્થિક, રાજકીય,
ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય સાથે



**સંપાદક :** સંજય પાઘડાળ, અજય પટેલ, આશિષ મહેતા

**લેખક :** કેતનકુમાર પાઘડાળ


યુવા ઉપનિષદ્ પબ્લિકેશન, સુરત દ્વારા પ્રકાશિત

પ્રથમ રંગીન આવૃત્તિ

જિલ્લાના મહત્વનાં તાલુકા સાથેની સમજ

# ગુજરાતના જિલ્લાઓ

ભૌગોલિક, આર્થિક, રાજકીય, ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય સાથે




## પુસ્તકની વિશેષતા

- નવરચિત જિલ્લા અને તાલુકાના નવા સીમાંકન સાથે તેની સીમા, સ્થાન વિશે સરકારી આધારભૂત સ્ત્રોતોના સંદર્ભ મુજબ યોગ્ય રજૂઆત સાથેનું પુસ્તક.
- ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓની નવી પદ્ધતિ મુજબના વિષયોનો સમાવેશ.
- ભૌગોલિક, આર્થિક, રાજકીય, ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય સાથે દરેક જિલ્લાની સરળ રજૂઆત ઉપરાંત જિલ્લાના મહત્વના તાલુકા સાથેની વિસ્તારથી સમજ આપતું ગુજરાતનું એકમાત્ર પુસ્તક.
- ગુજરાતનું નામકરણ, સ્થાન, સીમા, વિસ્તાર અને ભૂપૃષ્ઠની સરળ ભાષામાં સમજ.
- ગુજરાતની વિવિધ પ્રકારની ભૌગોલિક માહિતી તેમજ જિલ્લાની સરળ રજૂઆત દર્શાવતા રંગીન નકશાઓનો સમાવેશ.
- 33 જિલ્લા અને સંબંધિત પરિશિષ્ટો સાથે માહિતીનું સચોટ પૃથક્કરણ.
- અગાઉની પરીક્ષામાં પૂછાયેલા 1450થી વધુ પ્રશ્નોનો સમાવેશ.
- રાજ્ય સરકાર દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારો માટે વિષયવસ્તુની સરળ ભાષામાં રજૂઆત.


YUVA UPNISHAD PUBLICATION

2nd Floor, Ankur Shopping Center, Near Gujarat Gas Circle, Adajan, Surat, Gujarat

For more detail
99094 49289


| ADAJAN | UDHNA | VARACHHA | VYARA | NAVSARI | VALSAD | DHARAMPUR | GODHRA | JUNAGADH |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 99046 34498 | 83479 30810 | 74348 39380 | 90994 42310 | 99094 39971 | 85115 39971 | 74054 97591 | 88662 51051 |

Join YuvaUpnishadFoundation | Yuva Upnishad Foundation | YuvaUpnishadFoundation | Yuva Upnishad Foundation



# ગુજરાતના જિલ્લાઓ

ભૌગોલિક, આર્થિક, રાજકીય, ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય સાથે

રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| | **ભાગ-1 ગુજરાત પરિચય** | |
| 1 | ગુજરાતનું નામકરણ | 19 - 22 |
| 2 | આઝાદી પછીનું અને સ્થાપના સમયનું ગુજરાત | 23 - 34 |
| 3 | ગુજરાતનું સ્થાન, સીમા અને વિસ્તાર | 35 - 50 |
| 4 | ગુજરાતનું ભૂપૃષ્ઠ | 51 - 75 |
| | **ભાગ-2 ગુજરાતના જિલ્લા** | |
| | **કચ્છ** | |
| 1 | કચ્છ | 81 - 101 |
| | **સૌરાષ્ટ્ર** | |
| 2 | રાજકોટ | 105 - 112 |


DEMO COPY

| ક્રમ | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| 3 | ભાવનગર | 113 - 125 |
| 4 | જૂનાગઢ | 126 - 137 |
| 5 | સુરેન્દ્રનગર | 138 - 146 |
| 6 | જામનગર | 147 - 155 |
| 7 | અમરેલી | 156 - 163 |
| 8 | પોરબંદર | 164 - 169 |
| 9 | મોરબી | 170 - 174 |
| 10 | ગીર સોમનાથ | 175 - 182 |
| 11 | દેવભૂમિ દ્વારકા | 183 - 190 |
| 12 | બોટાદ | 191 - 194 |


## ઉત્તર ગુજરાત


| | | |
|---|---|---|
| 13 | બનાસકાંઠા | 197 - 205 |
| 14 | મહેસાણા | 206 - 218 |
| 15 | સાબરકાંઠા | 219 - 226 |


DEMO COPY

| ક્રમ | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| 16 | ગાંધીનગર | 227 - 234 |
| 17 | પાટણ | 235 - 246 |
| 18 | અરવલ્લી | 247 - 252 |
| | **મધ્ય ગુજરાત** | |
| 19 | અમદાવાદ | 255 - 276 |
| 20 | વડોદરા | 277 - 287 |
| 21 | ખેડા | 288 - 295 |
| 22 | આણંદ | 296 - 303 |
| 23 | પંચમહાલ | 304 - 311 |
| 24 | દાહોદ | 312 - 317 |
| 25 | મહીસાગર | 318 - 324 |
| 26 | છોટા ઉદેપુર | 325 - 330 |
| | **દક્ષિણ ગુજરાત** | |
| 27 | ભરૂચ | 333 - 341 |


DEMO COPY

| ક્રમ | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| 28 | નર્મદા | 342 - 347 |
| 29 | સુરત | 348 - 358 |
| 30 | વલસાડ | 359 - 365 |
| 31 | નવસારી | 366 - 372 |
| 32 | તાપી | 373 - 377 |
| 33 | ડાંગ | 378 - 385 |

## અગાઉની પરીક્ષામાં પૂછાયેલા અન્ય પ્રશ્નો

| | | |
|---|---|---|
| | અગાઉની પરીક્ષામાં પૂછાયેલા અન્ય પ્રશ્નો | 386 - 403 |

## ભાગ-3 પરિશિષ્ટ

| | | |
|---|---|---|
| | પરિશિષ્ટ | 407 - 427 |



DEMO COPY

યુવા ઉપનિષદ્ પબ્લિકેશન, સુરત દ્વારા પ્રકાશિત

અદ્યતન આવૃત્તિ

# ગણિત

## Quantitative Aptitude




### અદ્યતન આવૃત્તિની વિશેષતા

- રાજ્ય તથા કેન્દ્ર સરકાર (GCERT / NCERT) દ્વારા પ્રકાશિત નવા અને જૂના પાઠ્યપુસ્તકો તેમજ અન્ય આધારભૂત સ્ત્રોતોના આધારે તૈયાર કરેલ પુસ્તક
- વર્ગ-3 તથા GPSCની પ્રાથમિક પરીક્ષાના ગણિત વિષયના અભ્યાસક્રમના વિષયવસ્તુને અનુરૂપ 34 પ્રકરણોનો વિસ્તૃત માહિતી સાથે સમાવેશ
- દરેક પ્રકરણની 'પાયાની સમજ' સ્વરૂપે સરળ રજૂઆત
- અગત્યની માહિતીઓનો 'યાદ રાખો' સ્વરૂપે સમાવેશ
- ગાણિતિક ગણતરીઓ સરળ રીતે સમજી શકાય તે હેતુસર શોર્ટકટ પદ્ધતિઓ, સૂત્રો, ટેબલ, ચાર્ટ, ગ્રાફ તથા આકૃતિઓ સ્વરૂપે સમાવેશ
- કઠિન પ્રશ્નોના ઉકેલોની સંભવિત દરેક રીતોનો સમાવેશ
- અગત્યના સૂત્રોનું પુસ્તકના અંતે સંકલન

### વિશેષ આકર્ષણ

- 385+ પ્રકારના 880+ પ્રશ્નોનો ઉકેલ સહિત સમાવેશ
- દરેક પ્રકરણના અંતે GPSC તેમજ વર્ગ-3 ની અગાઉની પરીક્ષામાં પૂછાયેલા 1260+ પ્રશ્નોની સમજૂતી સાથે રજૂઆત
- મહાવરા માટેના 1360+ પ્રશ્નોનું Beginner અને Difficult Level તરીકે વર્ગીકરણ

કુલ 3500+ પ્રશ્નો

YUVA UPNISHAD PUBLICATION

2nd Floor, Ankur Shopping Center, Near Gujarat Gas Circle, Adajan, Surat, Gujarat

For more detail 99094 49289

Join YuvaUpnishadFoundation | Yuva Upnishad Foundation | YuvaUpnishadFoundation | YouTube Yuva Upnishad Foundation

ભાગ 1


# ગુજરાત પરિચય

- ગુજરાતનું નામકરણ
- આઝાદી પછીનું અને સ્થાપના સમયનું ગુજરાત
- ગુજરાતનું સ્થાન, સીમા અને વિસ્તાર
- ગુજરાતનું ભૂપૃષ્ઠ

DEMO COPY




ગુજરાતની સ્થાપના સમયે ગુજરાતમાં માત્ર 17 જિલ્લા અને 185 તાલુકા અસ્તિત્વમાં હતા. જેમાં કચ્છનો 1, સૌરાષ્ટ્રના 5 અને તળગુજરાતના 11 જિલ્લા હતા. આ 17 જિલ્લામાં કચ્છ, બનાસકાંઠા, અમરેલી, મહેસાણા, સાબરકાંઠા, સુરત, ડાંગ, રાજકોટ, જૂનાગઢ, જામનગર, ખેડા, વડોદરા, અમદાવાદ, ભરૂચ, પંચમહાલ, સુરેન્દ્રનગર અને ભાવનગરનો સમાવેશ થતો હતો.




DEMO COPY

વર્ષ 2013ની સ્થિતિએ ગુજરાતમાં કુલ 26 જિલ્લા અને 225 તાલુકા હતા. વર્ષ 2013માં 7 નવા જિલ્લા અને 23 નવા તાલુકા અસ્તિત્વમાં આવ્યા. જેની સાથે કુલ 33 જિલ્લા અને 248 તાલુકા થયા. વર્ષ 2014માં 2 નવા તાલુકા તથા વર્ષ 2017માં 1 નવા તાલુકાની રચના કરવામાં આવતાં હાલમાં કુલ 33 જિલ્લા અને 252 તાલુકા છે.



| ગુજરાતના જિલ્લાઓ અને તેમને જોડતી સરહદો | | | |
|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | સરહદ ધરાવતા જિલ્લાઓ | સંખ્યા |
| 1. | કચ્છ | સુરેન્દ્રનગર, મોરબી, બનાસકાંઠા, પાટણ | 4 |
| ઉત્તર ગુજરાતના જિલ્લાઓ અને તેના સરહદી જિલ્લાઓ | | | |
| 2. | મહેસાણા | અમદાવાદ, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર | 6 |
| 3. | ગાંધીનગર | અમદાવાદ, ખેડા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા | 5 |
| 4. | બનાસકાંઠા | પાટણ, કચ્છ, સાબરકાંઠા, મહેસાણા | 4 |
| 5. | સાબરકાંઠા | બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી | 4 |
| 6. | અરવલ્લી | ગાંધીનગર, મહીસાગર, સાબરકાંઠા, ખેડા | 4 |
| 7. | પાટણ | કચ્છ, સુરેન્દ્રનગર, મહેસાણા, બનાસકાંઠા | 4 |
| મધ્ય ગુજરાતના જિલ્લાઓ અને તેના સરહદી જિલ્લાઓ | | | |
| 8. | અમદાવાદ | સુરેન્દ્રનગર, બોટાદ, આણંદ, મહેસાણા, ભાવનગર, ગાંધીનગર, ખેડા | 7 |
| 9. | ખેડા | ગાંધીનગર, મહીસાગર, અમદાવાદ, પંચમહાલ, અરવલ્લી, આણંદ, વડોદરા | 7 |
| 10. | વડોદરા | છોટાઉદેપુર, આણંદ, ભરૂચ, નર્મદા, પંચમહાલ, ખેડા | 6 |
| 11. | પંચમહાલ | દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ખેડા, મહીસાગર | 5 |
| 12. | નર્મદા | સુરત, ભરૂચ, તાપી, વડોદરા, છોટાઉદેપુર | 5 |
| 13. | આણંદ | અમદાવાદ, વડોદરા, ખેડા, ભરૂચ | 4 |
| 14. | મહીસાગર | પંચમહાલ, ખેડા, દાહોદ, અરવલ્લી | 4 |
| 15. | છોટાઉદેપુર | પંચમહાલ, વડોદરા, નર્મદા, દાહોદ | 4 |
| 16. | દાહોદ | છોટાઉદેપુર, મહીસાગર, પંચમહાલ | 3 |
| 17. | ભરૂચ | વડોદરા, નર્મદા, સુરત, આણંદ | 4 |
| સૌરાષ્ટ્રના જિલ્લાઓ અને તેના સરહદી જિલ્લાઓ | | | |
| 18. | રાજકોટ | જામનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જૂનાગઢ, અમરેલી | 7 |
| 19. | સુરેન્દ્રનગર | અમદાવાદ, કચ્છ, બોટાદ, રાજકોટ, મોરબી, મહેસાણા, પાટણ | 7 |
| 20. | અમરેલી | બોટાદ, રાજકોટ, જૂનાગઢ, ગીર–સોમનાથ, ભાવનગર | 5 |
| 21. | બોટાદ | અમરેલી, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર | 5 |
| 22. | મોરબી | રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ | 4 |
| 23. | જામનગર | દેવભૂમિ દ્વારકા, પોરબંદર, મોરબી, રાજકોટ | 4 |
| 24. | જૂનાગઢ | અમરેલી, પોરબંદર, રાજકોટ, ગીર–સોમનાથ | 4 |
| 25. | પોરબંદર | જૂનાગઢ, જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ | 4 |
| 26. | ભાવનગર | અમદાવાદ, અમરેલી, બોટાદ, | 3 |
| 27. | દેવભૂમિ દ્વારકા | જામનગર, પોરબંદર | 2 |
| 28. | ગીર–સોમનાથ | જૂનાગઢ, અમરેલી | 2 |
| દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ અને તેના સરહદી જિલ્લાઓ | | | |
| 29. | સુરત | તાપી, નવસારી, નર્મદા, ભરૂચ | 4 |
| 30. | નવસારી | સુરત, તાપી, ડાંગ, વલસાડ | 4 |


DEMO COPY

- સૌરાષ્ટ્રનો સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતો જિલ્લો : દેવભૂમિ દ્વારકા
- સૌરાષ્ટ્રનો સૌથી ટૂંકો દરિયા કિનારો ધરાવતો જિલ્લો : મોરબી
- તળ ગુજરાતનો દરિયા કિનારો 351 કિ.મી (ખંભાતથી વલસાડના ઉમરગામ સુધી) છે.
- તળ ગુજરાતમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતો જિલ્લો : ભરૂચ
- તળ ગુજરાતમાં સૌથી ટૂંકો દરિયા કિનારો ધરાવતો જિલ્લો : નવસારી

## વિસ્તાર

ગુજરાત કુલ **1,96,024 ચો. કિ.મી. (75,686 ચો.માઈલ)** ક્ષેત્રફળ ધરાવે છે.

- ગુજરાત ભારતના કુલ વિસ્તાર (32,87,263 ચો.કિ.મી.)ના 5.96% (અંદાજે 6%) વિસ્તાર ધરાવે છે.
- વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત (જમ્મુ કશ્મીર રાજ્યમાંથી જમ્મુ કશ્મીર અને લદ્દાખ એમ બે કેન્દ્ર શાસિત પ્રદેશની રચના થતા) ભારતનું સૌથી મોટું 5મા નંબરનું રાજ્ય બન્યુ છે. (રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત)
- ગુજરાતની ઉત્તરથી દક્ષિણની લંબાઈ **590 કિ.મી.** છે જ્યારે પૂર્વ થી પશ્ચિમ પહોળાઈ **500 કિ.મી.** છે.
- વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કચ્છ (45,652 ચો.કિ.મી.) છે.
- વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતનો સૌથી નાનો જિલ્લો ડાંગ (1700 ચો.કિ.મી.) છે.




### ☑ નોંધ


ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળની ધોરણ–6 ની સામાજિક વિજ્ઞાનમાં ગુજરાતની ઉત્તર અને દક્ષિણની લંબાઈ 590 કિલોમીટર દર્શાવેલી છે. જ્યારે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળમાં ગુજરાતની લંબાઈ ઉત્તર થી દક્ષિણ સુધી 540 કિલોમીટર દર્શાવેલી છે.

## કટિબંધ

પૃથ્વી પર તાપમાન અને પ્રકાશ, ગરમી અને ઠંડીના આધારે સ્પષ્ટ રીતે જુદાં જુદાં વિભાગો (ઝોન્સ)માં વહેંચવામાં આવે છે, જેને 'કટિબંધો' કહે છે. વધારે–ઓછા પ્રકાશ અને ગરમી (તાપમાન) મેળવતાં ભાગોને નીચે મુજબ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલ છે.

1. ઉષ્ણ કટિબંધ– સૂર્યનાં સીધાં કિરણો, તેથી વધુ ગરમી
2. સમશીતોષ્ણ કટિબંધ– સૂર્યનાં થોડાં ત્રાંસા કિરણો, ગરમી તથા ઠંડી સમાન.
3. શીત કટિબંધ– સૂર્યનાં કિરણો ત્રાંસાં તેથી ઠંડી વધારે

- **કર્કવૃત્ત 23.5° ઉત્તર અક્ષાંશ** અને વિષુવવૃત્ત 0° અક્ષાંશ વચ્ચેનો ભાગ ઉષ્ણ કટિબંધમાં આવે છે. જેથી ગુજરાતનો ઘણોખરો ભાગ ઉષ્ણ કટિબંધમાં આવે છે.




- ગુજરાતમાં સરેરાશ વાર્ષિક વરસાદ **93.2cm** જેટલો નોંધાય છે.
- ગુજરાતનો એકમાત્ર **બનાસકાંઠા** જિલ્લો જે **સમશીતોષ્ણ** કટિબંધ ધરાવે છે.

## કર્કવૃત્ત

ઉત્તર ગોળાર્ધમાં 23.5° અક્ષાંશ પરના વૃત્તને **કર્કવૃત્ત (Tropic of Cancer)** કહે છે.

- કર્કવૃત ગુજરાતના લગભગ **ઉત્તર ભાગ**માંથી 23.5° ઉત્તર અક્ષાંશ પરથી પસાર થાય છે.
- કર્કવૃત્ત ગુજરાતના **અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, કચ્છ** એમ **કુલ છ જિલ્લાઓ (પૂર્વથી પશ્ચિમ તરફ)**માંથી પસાર થાય છે.
- કર્કવૃત્ત મહેસાણા જિલ્લામાં આવેલ **મોઢેરાના સૂર્યમંદિર** પરથી પસાર થાય છે.
- કચ્છમાં આવેલો **ધીણોધર ડુંગર** ભારતનો એકમાત્ર ડુંગર છે જેની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

DEMO COPY

| ગુજરાતમાં વસતી વૃદ્ધિનો દર | | | | | |
|---|---|---|---|---|---|
| સૌથી વધુ વસતીવૃદ્ધિદર ધરાવતા જિલ્લાઓ | | | સૌથી ઓછો વસતીવૃદ્ધિદર ધરાવતા જિલ્લાઓ | | |
| 1. | સુરત | 42.24 % | 1. | ગાંધીનગર | 4.29% |
| 2. | કચ્છ | 32.16 % | 2. | નવસારી | 8.15 % |
| 3. | દાહોદ | 29.98 % | 3. | અમરેલી | 8.63 % |
| 4. | બનાસકાંઠા | 24.61 % | 4. | પોરબંદર | 9.06 % |
| 5. | અમદાવાદ | 22.42 % | 5. | મહેસાણા | 10.31 % |

**નોંધ :** ગુજરાતમાં વર્ષ 1991 થી 2001 દરમિયાન વસતી વૃદ્ધિનો દર 22.66% હતો, જે વર્ષ 2001 થી 2011 દરમિયાન વસતી વૃદ્ધિનો દર 19.17% થયો.

| ગુજરાતમાં શહેરી વસતી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સૌથી વધુ શહેરી વસતી ધરાવતા જિલ્લાઓ | | | | સૌથી ઓછી શહેરી વસતી ધરાવતા જિલ્લાઓ | | | |
| | **જિલ્લો** | **શહેરી વસતી** | **ગ્રામીણ વસતી** | | **જિલ્લો** | **શહેરી વસતી** | **ગ્રામીણ વસતી** |
| 1. | અમદાવાદ | 84.04 % | 15.96 % | 1. | દાહોદ | 9.01 % | 90.99 % |
| 2. | સુરત | 79.74 % | 20.26 % | 2. | તાપી | 9.85 % | 90.15 % |
| 3. | રાજકોટ | 58.19 % | 41.81 % | 3. | નર્મદા | 10.5 % | 89.50 % |
| 4. | વડોદરા | 49.59 % | 50.41 % | 4. | ડાંગ | 10.81 % | 89.19 % |
| 5. | પોરબંદર | 48.80 % | 51.20 % | 5. | બનાસકાંઠા | 18.30 % | 86.30 % |

DEMO COPY

## ? અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

1. નીચેનામાંથી કયા જિલ્લાને દરિયાકિનારો લાગતો નથી ? (પોલીસ કોન્સ્ટેબલ, 2012)
   (A) કચ્છ (B) મોરબી
   (C) રાજકોટ (D) અમદાવાદ

2. ગુજરાતનો નીચેના પૈકી કયો જિલ્લો રાજસ્થાન સરહદ સાથે જોડાયેલો નથી ?
   (GPSC કોમર્શિયલ ટેક્સ ઈન્સ્પેક્ટર વર્ગ–3, 2012)
   (A) દાહોદ (B) પંચમહાલ
   (C) સાબરકાંઠા (D) પાટણ

3. ગુજરાતના ભૌગોલિક વિસ્તારનું કદ આશરે કેટલું છે ? (GPSC નાયબ મામલતદાર/નાયબ સેકશન અધિકારી, 2012)
   (A) ત્રણ લાખ ચો.કિ.મી. (B) બે લાખ ચો.કિ.મી.
   (C) પાંચ લાખ ચો.કિ.મી. (D) એક લાખ ચો.કિ.મી.

4. ગુજરાતની પશ્ચિમમાં કયો મહાસાગર આવેલો છે ?
   (TET(6 થી 8), 2012)
   (A) હિંદ મહાસાગર (B) અરબ સાગર
   (C) ખંભાતનો અખાત (D) A,B,C ત્રણેય

5. ગુજરાતનો દરિયાકિનારો કેટલા કિલોમિટર લાંબો છે? (પોલીસ સબ ઈન્સ્પેકટર (સામાન્ય જ્ઞાન), 2012)
   (A) 1500 કિલોમિટર (B) 1600 કિલોમિટર
   (C) 1700 કિલોમિટર (D) 2200 કિલોમિટર

6. ફ્લેમિંગો પક્ષીને ગુજરાતમાં કયા નામે ઓળખવામાં આવે છે ? (મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) પરીક્ષા, 2013)
   (A) તેતર (B) ઘોરાડ
   (C) સારસ (D) સુરખાબ

7. ગુજરાતની કુલ જમીન વિસ્તારમાંથી કેટલા ટકા જંગલ વિસ્તાર છે ? (જેલ સિપાહી, 2013)
   (A) 13.18 (B) 6.79
   (C) 23.38 (D) 9.69


8. દેશમાં સૌથી લાંબામાં લાંબો દરિયાકિનારો કયા રાજ્યનો છે? (પોલીસ કોન્સ્ટેબલ, 2012)
   (A) આંધ્રપ્રદેશ (B) ગુજરાત
   (C) મહારાષ્ટ્ર (D) કેરળ

9. ગુજરાતના કયા ભાગમાંથી કર્કવૃત્ત પસાર થાય છે ?
   (સબ રજીસ્ટ્રાર વર્ગ – 3, 2013)
   (A) પૂર્વ (B) પશ્ચિમ
   (C) ઉત્તર (D) દક્ષિણ

| તળ ગુજરાતનો દરિયાકિનારો | તળ ગુજરાતનો દરિયાકિનારો ખાંચાખૂંચીવાળો છે. | |
|---|---|---|
| | **ખંભાતથી દહેજ વચ્ચેનો ભાગ અથવા મહીથી ઢાઢર સુધીનો દરિયાકિનારો** | ▪ ખંભાતથી દહેજ વચ્ચેનો કિનારો જૂના કાંપથી રચાયેલો તથા કિનારે **2 થી 4 કિમી** ના કાદવકીચડવાળો છે.<br>▪ આ દરિયા કિનારે પ્રાચીન ગુજરાતનું સૌથી મોટું બંદર ગણાતું ખંભાત અને ભરૂચ (બારીગાઝા) જેવાં બંદરો આવેલાં છે.<br>▪ મહીથી ઢાઢરના મુખપ્રદેશની વચ્ચે કિનારે 30 મીટર ઊંચી એવી કાંપથી રચાયેલી કરાડો આવેલી છે, જે **સુવાલીની ટેકરીઓ** તરીકે ઓળખાય છે.<br>▪ આ દરિયા કિનારે મહીનદીના પહોળા પટ્ટમાં વહેરાની ખાડી આવેલી છે. |
| | **દહેજ (હાંસોટ) થી હજીરા સુધીનો દરિયાકિનારો** | ▪ આ દરિયા કિનારે નર્મદા, કીમ, તાપી જેવી નદીના મુખ આવેલા છે.<br>▪ આ દરિયા કિનારે નર્મદા નદીના મુખ પર **અલિયા બેટ** આવેલો છે.<br>▪ અહીં **એશિયાનું પ્રથમ પ્રવાહી રસાયણ બંદર** દહેજ આવેલું છે. |
| | **હજીરાથી ઉમરગામ સુધીનો દરિયાકિનારો** | ▪ તાપી નદીથી નીચેનો ભાગ સીધો રેતાળ બીચ જેવો છે. અહીં ડુમસ, દાંડી, ઉભરાટ, તિથલ જેવા બીચ આવેલા છે. ડુમસ ખાતે તાપી નદી સમુદ્રને મળે છે.<br>▪ આ દરિયા કિનારે **પેટ્રોલિયમ પોર્ટ** તરીકે ઓળખાતું હજીરા બંદર આવેલું છે.<br>▪ ઉમરગામનો દરિયાકિનારો સૌંદર્ય ધરાવતું વિહારધામ છે. |

## ગુજરાતના ભૌગોલિક પ્રદેશો

DEMO COPY





ગુજરાતના ભૌગોલિક પ્રદેશો

**Now Available**

પ્રથમ આવૃત્તિ

# ગુજરાતી વ્યાકરણ




## પુસ્તકની વિશેષતા

- ધો. 1 થી 12 ના પાઠયપુસ્તકો (GCERT) તથા પ્રતિષ્ઠિત સંદર્ભગ્રંથોના આધારે તૈયાર કરેલું પુસ્તક
- ચાર્ટ અને કોષ્ટકો દ્વારા સરળ ભાષામાં રજૂઆત
- જોડણી, સંધિ, સમાસ, નિપાત, કૃદંત, વાક્યના પ્રકારો, વિશેષણ, વાક્યશુદ્ધિ વગેરે જેવા પ્રકરણોનો અલગ ભાગરૂપે સમાવેશ
- જોડણીભેદ–અર્થભેદ, પૂર્વપ્રત્યય–પરપ્રત્યય, સમાનાર્થી, વિરુદ્ધાર્થી, રૂઢિપ્રયોગ, તળપદા શબ્દો, કહેવતો વગેરે શબ્દભંડોળલક્ષી પ્રકરણોનો અલગ ભાગરૂપે સમાવેશ
- છંદને યાદ રાખવા માટે સૂત્ર સ્વરૂપે સરળ સમજૂતી
- છંદ અને અલંકારની પંક્તિઓ કવિના નામ સાથે
- દરેક પ્રકરણના અંતે અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો તથા મહાવરા માટેના 3000થી વધુ પ્રશ્નોનો સમાવેશ


**YUVA UPNISHAD** PUBLICATION

2nd Floor, Ankur Shopping Center, Near Gujarat Gas Circle, Adajan, Surat, Gujarat

For more detail **99094 49289**

| ADAJAN | UDHNA | NAVSARI | VALSAD | VYARA | GODHRA | JUNAGADH | DHARAMPUR | VARACHHA |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 99046 34498 | 90994 42310 | 99094 39971 | 74348 39380 | 74054 97591 | 88662 51051 | 85115 39971 | 83479 30810 |


Join YuvaUpnishadFoundation | Yuva Upnishad Foundation | YuvaUpnishadFoundation | YouTube Yuva Upnishad Foundation

ભાગ 2

# ગુજરાતના જિલ્લા

- કચ્છ
- સૌરાષ્ટ્ર
- ઉત્તર ગુજરાત
- મધ્ય ગુજરાત
- દક્ષિણ ગુજરાત

DEMO COPY







1



# સફેદ રણની ભૂમિ

# કચ્છ

DEMO COPY



- **ભૂખી ડેમ** ભૂખી નદી પર આવેલો છે. તા. નખત્રાણા
- **ફતેહગઢ ડેમ** માલણ નદી પર આવેલો છે. તા. રાપર

### વિદ્યુતમથક

કચ્છ જિલ્લાના **લખપત તાલુકામાં પાનન્ધ્રો** ગામ નજીક કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન આવેલું છે. આ પાવર સ્ટેશનમાં કુલ 290 મેગાવોટની કુલ સ્થાપિત ક્ષમતા સાથે 70 મેગાવોટના બે એકમો અને 75 મેગાવોટના બે એકમો છે.

### સંશોધન કેન્દ્ર

એગ્રિકલ્ચર રિસર્ચ સ્ટેશન, ભચાઉ

- ડેટ પામ રિસર્ચ સ્ટેશન, મુંદ્રા (સમગ્ર દેશનું એકમાત્ર ખારેક સંશોધન કેન્દ્ર)

### રાષ્ટ્રીય ધોરી માર્ગ

41, 141, અને 27 (નવા) નંબરના રાષ્ટ્રીય ધોરી માર્ગો આ જિલ્લામાંથી પસાર થાય છે.

### હવાઈ મથક

રૂદ્રમાતા હવાઈ મથક (તા.ભુજ)

### રેલવે સ્ટેશન

ભુજ, ગાંધીધામ, ભચાઉ, અંજાર વગેરે

## મહત્વના તાલુકાઓ

### ભૂજ

ભુજીયા ડુંગરની તળેટીમાં વસેલું ઐતિહાસિક શહેર અને **જિલ્લાનું મુખ્ય મથક** છે. ભુજમાં આવેલ **ભુજિયા ડુંગર ભુજંગ(નાગ)નું સ્થાનક** મનાય છે.

- કચ્છના રાજા રાવ ખેંગારજીએ ભુજમાં સંસ્કૃત પાઠશાળા, **કચ્છ મ્યુઝિયમ (ફર્ગ્યુસન મ્યુઝિયમ)** અને પુસ્તકાલયની સ્થાપના કરી હતી.
- ભુજ તાલુકાના **કોટાય ખાતે** કાઠીઓએ લગભગ 10મી સદીમાં બંધાવેલું **સૂર્યમંદિર** આવેલું છે.
- અહીં આવેલા **હબા ડુંગર**ને હબાય ડુંગર તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં **સંત મેકરણ દાદાની સમાધિ** આવેલી છે. નખત્રાણાના નાની ખોંભડી ગામે દાદા મેકરણનો જન્મ થયો હતો. મોતીયો કુતરો અને લાલીયો ગધેડો સંત મેકરણ દાદાના બે સાથી હતા. મોતીયો રણમાં ભૂલા પડેલા મુસાફરોને શોધી કાઢતો અને પછી લાલીયા પર ગોઠવાયેલી પાણીની મશકોને ખાવાનું લઈને મુસાફરો સુધી પહોંચાડીને મુસાફરોને ઉતારે લાવતો હતો. (સંત મેકરણ દાદા વિશે સંશોધન લક્ષ્મીશંકર જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.)
- સંત મેકરણ દાદાએ ભુજના **ધ્રાંગ** ખાતે આશ્રમ સ્થાપ્યો હતો. આ સ્થળે આહિર સમુદાય દ્વારા સંત મેકરણ દાદાની લક્ષ્મણના પુનઃ અવતાર તરીકે પૂજા કરવામાં આવે છે.
- ભુજોડી ખાતે વંદે માતરમ્ મેમોરિયલ આવેલું છે જેનો આકાર ભારતના સંસદ ભવન જેવો છે. અહીં ઈ.સ.1857ના વિપ્લવથી લઈને ઈ.સ.1947ની આઝાદી સુધીના સ્વાતંત્ર્ય સંઘર્ષની મહત્વપૂર્ણ ઘટના દર્શાવવામાં આવી છે.
- ભુજ તાલુકાના કુકમા ખાતે ખારેક માટેનું એક્સેલન્સ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.
- માધાપરની ખમીરવંતી વિરાંગનાઓએ ઈ.સ.1971માં ભારત પાકિસ્તાન યુદ્ધ સમયે ભુજ ખાતે એરફોર્સની હવાઈપટ્ટીના સમારકામની કામગીરી 72 કલાકમાં કરી બતાવી હતી. આ વિરાંગનાઓની અમરશૌર્યગાથાને સમર્પિત વર્ષ 2018માં **ગુજરાતનું સૌથી મોટું સાંસ્કૃતિક વન 'રક્ષક વન'** નું નિર્માણ સરસપુર ગામે રુદ્રમાતા ડેમ પાસે કરાયું છે.
- ભુજીયો કિલ્લો (ઈ.સ.1723માં રાવગોંડજી દ્વારા બંધાયેલ) તથા પન્ના મસ્જિદ, મહારાવ લખપતરાવની સુંદર કોતરણીવાળી છત્રીઓ, ફતેહ મહમ્મદ આરબનો હજીરો (રામસંગ માલમે દ્વારા બંધાયેલ), હાટકેશ્વર મંદિર, અણગોરનું શિવ મંદિર વગેરે ભુજના જોવા લાયક સ્થળ છે.
- ડિસેમ્બર,2020માં ભુજ તાલુકાના **ખાવડા** ખાતે ધર્મશાળા પાસે **વિશ્વનો સૌથી મોટો 30GW(30,000 MW) ની ક્ષમતા ધરાવતો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક**નો વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શિલાન્યાસ કરવામાં આવ્યો છે. 72,600 હેક્ટરમાં ફેલાયેલો આ પાર્ક હાઈબ્રિડ (પવન ઊર્જા અને સૌર ઊર્જા) પ્રકારનો પ્રથમ પાર્ક છે.
- **'છતેડી'** શિલ્પ સ્થાપત્ય ભુજમાં આવેલું છે જેને સ્થાનિક ભાષાઓમાં **'છત્રી'** કહે છે. આ શિલ્પ સ્થાપત્યો શાહી કેનોટાફ પ્રકારના છે એટલે કે, એવા સ્મારકો કે જેમાં લોકોને વાસ્તવમાં દફનાવવામાં આવતા નથી. આ સ્થાપત્યો લાલ રંગોના પથ્થરોથી બનેલા છે. રાવ દેસાઈ, રાવ પ્રગમલ, રાવ લાખાણી સૌથી મોટી છતેડીઓ (છત્રીઓ) છે.


### મુંદ્રા

સિદ્ધરાજ જયસિંહનો શિલાલેખ મુંદ્રા તાલુકાના **ચોખંડા**માં આવેલો છે. આ ઉપરાંત અર્જુનદેવ અને સારંગદેવનો શિલાલેખ પણ કચ્છમાં આવેલો છે.

- મુંદ્રા **'કચ્છના પેરિસ'** તરીકે ઓળખાતો હરિયાળો પ્રદેશ છે.
- મુંદ્રામાં ખારેક અને ખલેલાનું પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન થાય છે તથા **ખારેક સંશોધન કેન્દ્ર** આવેલું છે.
- મુંદ્રા બંદરનો વિકાસ **અદાણી પોર્ટ** દ્વારા થયો છે.
- જૈનોનું પવિત્ર તીર્થધામ–ભદ્રેશ્વરને પ્રાચીન સમયમાં **'ભદ્રાવતી'** તરીકે ઓળખવામાં આવતું હતું. ભદ્રેશ્વર ખાતે મહાભારત સમયના **પાંડવ કુંડ** તરીકે ઓળખાતી 5000 વર્ષ જૂની વાવ આવેલી છે. ભદ્રેશ્વરમંદિરની સ્થાપના દેવચંદ્ર નામના જૈન વ્યક્તિએ કરી હતી. આ મંદિરનું પુનઃનિર્માણ ભદ્રાવતીના રાજા સિંધસેને કરેલું ત્યારબાદ શેઠ જગડુશા દ્વારા તેનું નવિનીકરણ કરવામાં આવ્યું હતું.

DEMO COPY

# સૌરાષ્ટ્ર




DEMO COPY

- રાજકોટ
- ભાવનગર
- જૂનાગઢ
- સુરેન્દ્રનગર
- જામનગર
- અમરેલી
- પોરબંદર
- મોરબી
- ગીર સોમનાથ
- દેવભૂમિ દ્વારકા
- બોટાદ

- ઈ.સ.1942ની 'હિંદ છોડો આંદોલન' દરમિયાન રાજકોટ ભૂગર્ભ લડત માટેનું મુખ્ય કેન્દ્ર હતું.
- ઈ.સ.1947માં જૂનાગઢને ભારતીય સંઘમાં જોડવા માટે આરઝી હકુમતની સ્થાપના મુંબઈમાં થઈ હતી અને તેનું વડુમથક જૂનાગઢ હાઉસ રાજકોટ ખાતે રાખવામાં આવ્યું હતું.
- આ જિલ્લામાં ગુજરાતની કુલ 8 મહાનગરપાલિકાઓ પૈકીની એક મહાનગરપાલિકા (RMC- રાજકોટ મહાનગરપાલિકા) આવેલી છે.
- ગુજરાતના બે મુખ્યમંત્રીઓ નરેન્દ્ર મોદી અને વિજય રૂપાણી રાજકોટ પશ્ચિમની વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી ચૂક્યાં છે.

## જિલ્લાની ભૌગોલિક માહિતી

જિલ્લાનું **મુખ્ય મથક રાજકોટ** છે. જેની સ્થાપના 1 મે, 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે કરવામાં આવી હતી.

- વિસ્તારની દ્રષ્ટિએ રાજકોટ સૌરાષ્ટ્રનો સૌથી મોટો જિલ્લો છે.

### નદીઓ

1. આજી 2. ઘેલો 3. મોજ 4. ડોન્ડી 5. ભાદર 6. ગોંડલી 7. ઉતાવળી 8. સાતુદડ 9. વેણુ 10. ફોફળ 11. ડેમી 12. મચ્છુ

### નદી કિનારે વસેલા શહેરો

રાજકોટ આજી નદીના કિનારે, ગોંડલ ગોંડલી નદીના કિનારે, જેતપુર ભાદર નદીના કિનારે, જામકંડોરણા ફોફળ નદીના કિનારે આવેલા છે.

### પ્રદેશોની માહિતી

**ભાદર નદી** ગુજરાતમાંથી નીકળતી સૌરાષ્ટ્રની સૌથી લાંબી નદી છે તથા તેને **'સૌરાષ્ટ્રની ગંગા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.



ઓસમનો ડુંગર

- રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ઓસમનો ડુંગર આવેલો છે.

## જિલ્લાની આર્થિક માહિતી

### પાક

જિલ્લામાં મગફળી, જુવાર, ઘઉં, શેરડી, બાજરી, ડુંગળી, ડાંગર, કપાસ વગેરે પાક થાય છે.

- સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ગાયોની સંખ્યા રાજકોટ જિલ્લામાં છે.

### ખનીજ

અહીં ચૂનાનો પથ્થર અને સિલિકાયુક્ત રેતી મળે છે.

### ઉદ્યોગો

**ગુજરાતમાં ડિઝલ એન્જિનનું સૌથી વધુ ઉત્પાદન** રાજકોટ જિલ્લામાં થાય છે. આ ઉપરાંત, રાજકોટ ઓઈલ એન્જિનના ઉત્પાદન માટે પણ જાણીતું છે.

- અહીં, વનસ્પતિ ઘી, સાબુ, ખાંડ, ગોળ, સિરામિક, જરીકામ, કાપડ, ઘડિયાળ, ઔષધિ, રંગ અને રસાયણો, સાડી અને બાંધણી બનાવવાના ઉદ્યોગોનો વિકાસ થયો છે.
- રાજકોટ શહેર ચાંદીકામ અને ભરતકામ માટે જાણીતું છે.
- ફિલ્ડ માર્શલ કંપની રેલવેના પૈડાનું ઉત્પાદન કરે છે.
- ઔદ્યોગિક સ્તરના બાયોડીઝલના ઉત્પાદનનો સૌપ્રથમ પ્લાન્ટ રાજકોટ ખાતે શરૂ થયો હતો.

### અભયારણ્ય

- **હિંગોળગઢ પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્યઃ**

વીંછિયા તાલુકામાં આવેલ આ અભયારણ્ય ઈ.સ. 1980માં સ્થપાયું હતું. આ અભયારણ્યમાં મુખ્યત્વે નીલગાય, ચિંકારા, શિયાળ, વરુ, ઝરખ તથા વિવિધ જાતનાં પક્ષીઓ જોવા મળે છે. આ અભયારણ્યમાં માધ્યમિક શાળાઓ તથા મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરોનું આયોજન થાય છે.

### સિંચાઈ યોજના

ગોંડલના નીલાખા ગામ પાસે ભાદર નદી પર ભાદર ડેમ–1 આવેલો છે તથા ધોરાજી તાલુકાના ભુખી ગામ પાસે ભાદર–2 ડેમ આવેલો છે.



ભાદર બંધ


- આજી ડે**મ–1** અને આજી ડેમ–2 રાજકોટ શહેરમાં આજી નદી પર આવેલા છે. જ્યારે આજી ડેમ–3 પડધરી તાલુકામાં આવેલ છે. આ ઉપરાંત, રાજકોટ શહેરના કાલાવાડ રોડ પાસે ન્યારી ડેમ આવેલ છે.
- સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ચેકડેમો રાજકોટ જિલ્લામાં આવેલા છે.


DEMO COPY

યુવા ઉપનિષદ્ પબ્લિકેશન, સુરત દ્વારા પ્રકાશિત

# ગુજરાતી સાહિત્ય
## વર્ણનાત્મક સ્વરૂપે

# ગુજરાતી સાહિત્ય
## વનલાઈનર અને હેતુલક્ષી પ્રશ્નો




**YUVA UPNISHAD**
PUBLICATION

2nd Floor, Ankur Shopping Center, Nr. Gujarat Gas Circle,
Adajan, Surat. Mo. 99094 49289

**Follow us on :** / Yuva Upnishad Foundation

ઈ.સ. 1722-23માં પિલાજી ગાયકવાડ અને કંથાજી ગાયકવાડે ગોહિલોની રાજધાની પર આક્રમણ કર્યું અને ગોહિલ રાજપૂતોને હારનો સામનો કરવો પડયો. હારનું મુખ્ય કારણ શિહોરની ભૌગોલિક પરિસ્થિતિ છે. તેથી એવું માનીને મહારાજા ભાવસિંહજી ગોહિલે અખાત્રીજના દિવસે નવી રાજધાની તરીકે ભાવનગરાની સ્થાપના વડવા પાસે કરી હતી. **સૌરાષ્ટ્રની 'સંસ્કારી નગરી' તરીકે જાણીતુ** કૃષ્ણકુમાર સિંહજીના નેજા હેઠળ કાઠીયાવાડ એજન્સીનું પ્રથમ વર્ગનું 15 જાન્યુઆરી, 1948માં ભારતીય સંઘમાં જોડાનાર સૌપ્રથમ રાજ્ય ભાવનગર હતું.

| પ્રાથમિક માહિતી | |
|---|---|
| સ્થાપના | 1 મે, 1960 |
| મુખ્ય મથક | ભાવનગર |
| તાલુકા | 1. ભાવનગર 2. વલભીપુર 3. ઉમરાળા 4. શિહોર 5. ગારિયાધાર 6. પાલિતાણા 7. જેસર 8. તળાજા 9. મહુવા 10. ઘોઘા |
| જિલ્લાની સરહદ | ઉત્તરે બોટાદ અને અમદાવાદ જિલ્લો, દક્ષિણે અરબ સાગર, પૂર્વે ખંભાતનો અખાત, પશ્ચિમે અમરેલી જિલ્લો |

| ભૌગોલિક સ્થિતિ | |
|---|---|
| ક્ષેત્રફળ | 8,334 (ચો. કિ.મી.) |
| જાતિ પ્રમાણ | 933 (દર 1000 પુરુષોદીઠ મહિલાઓ) |
| શિશુ જાતિપ્રમાણ | 891 |
| વસતીગીચતા (એક ચો. કિ.મી. દીઠ વ્યકિતઓ) | 287 |
| સ્ત્રી સાક્ષરતા | 66.08 % |
| પુરુષ સાક્ષરતા | 84.39 % |
| કુલ સાક્ષરતા | 75.52% |
| ગામડાની સંખ્યા | 678 |
| નગરપાલિકા | 6 |
| લોકસભાની બેઠક સંખ્યા | 01 (આ ક્ષેત્રમાં તળાજા, પાલિતાણા, ભાવનગર ગ્રામીણ, ભાવનગર પૂર્વ, ભાવનગર પશ્ચિમ, ગઢડા તથા બોટાદ વિધાનસભા બેઠક આવે છે.) |
| વિધાનસભાની બેઠક સંખ્યા | 07 (મહુવા, તળાજા, ગારિયાધાર, પાલિતાણા, ભાવનગર–ગ્રામ્ય, ભાવનગર–પૂર્વ, ભાવનગર–પશ્ચિમ) |

**નોંધ :** સેન્સસ (વસતી ગણતરી) વર્ષ 2011 અનુસાર.

## ઈતિહાસ

ગુપ્ત વંશમાંથી ગુજરાતને ગુપ્ત વંશના સેનાપતિ વિજયસેન ભટ્ટાર્કે આઝાદ કરાવ્યું હતું અને તેમણે ઈ.સ. 470માં **મૈત્રક વંશની સ્થાપના દ્રોણમુખ** પાસે કરી હતી. (જ્યાં જળ અને સ્થળ મળતા હતા તેને દ્રોણમુખ કહેવામાં આવતું.) તેમણે પોતાની રાજધાની ગિરિનગર(જૂનાગઢ)થી વલભીપુર ખાતે ખસેડી હતી. વિજયસેન ભટ્ટાર્કને ગુજરાતના ઈતિહાસ પુરુષ તરીકે ઓળખવામાં આવે છે.

- મૈત્રક વંશમાં ભટ્ટાર્ક, દ્રોણસેન, ધ્રુવસેન પહેલો, શિલાદિત્ય પહેલો, ધ્રુવસેન બીજો, ધરસેન, શિલાદિત્ય સાતમો જેવા શાસકો થઈ ગયા છે.
- ઈ.સ. 512માં **વલભી ખાતે ધ્રુવસેન પ્રથમના સમયમાં ક્ષમાશ્રવણના અધ્યક્ષપદે બીજી જૈન પરિષદ** ભરાઈ હતી. જેમાં જૈન ધર્મના ગ્રંથ આગમોનું સંકલન કરવામાં આવ્યું હતું. (પ્રથમ જૈન પરિષદ ઈ.સ. પૂર્વે 298માં સ્થૂળભદ્રના અધ્યક્ષપદે રાજા ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં ભરાઈ હતી.)
- શિલાદિત્ય સાતમાના સમયમાં કાકુ નામના વણિકે સિંધના હાકેમ હિશામને વલભી પર આક્રમણ કરવા આમંત્રણ આપ્યું. હાકેમના સેનાપતિ ઉમર–બિન–ઝમાલે શિલાદિત્ય સાતમાને હરાવીને વલભી પર આણ વર્તાવીને વલભીનો નાશ કર્યો.
- ઘેલો નદીના કાંઠે મૈત્રક વંશના રાજા ધરસેન પ્રથમે વલભી વિદ્યાપીઠની સ્થાપના કરી હતી.
- મૈત્રક વંશના રાજા ધ્રુવસેન બીજાના સમયમાં ઈ.સ. 640માં ચીની મુસાફર હ્યુ–એન–ત્સાંગે વલભીની મુલાકાત લીધી હતી અને તેમણે પોતાના ગ્રંથ સી–યુ–કીમાં વલભીને સમૃદ્ધ પ્રદેશ ગણાવ્યો હતો.
- ભારતના મધ્યયુગના અંતિમ અને પ્રતાપી સમ્રાટ હર્ષવર્ધને તેમની પુત્રીના લગ્ન મૈત્રક વંશના ધ્રુવસેન બીજા સાથે કરાવ્યા હતા.
- ગોહિલ રાજપૂતોએ રાજસ્થાનના મારવાડમાં સત્તા ટકાવી રાખવા માટે અવાર–નવાર નાના–મોટા યુદ્ધોનો સામનો કરવો પડતો હતો. તેથી ગોહિલ રાજપૂતો કંટાળીને ઈ.સ. 1260માં ગુજરાતના સાગર કાંઠા તરફ આવ્યા અને ઉમરાળા, શિહોર અને સેજકપુર(રાણપુર) એમ કુલ ત્રણ પ્રાંતમાં ગોહિલ રાજપૂતોએ પોતાની રાજધાની બનાવી હતી.
- **ભાવનગરની સ્થાપના ગોહિલવંશના રાજા ભાવસિંહજી પહેલાએ** ઈ.સ. 1723 (વિક્રમ સંવત 1779)માં વડવા ગામ પાસે કરી હતી તથા તેનો **વિકાસ મહારાજા તખ્તસિંહજી**ને આભારી છે. ગોહિલ રાજવી **સેજકજી ગોહિલ**ના નામ પરથી ભાવનગર જિલ્લાના વિસ્તારને **'ગોહિલવાડ'** તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત આ વિસ્તારને **દ્રોણમુખ** તરીકે પણ ઓળખવામાં આવતો હતો.

DEMO COPY

## નદી કિનારે વસેલા શહેરો

કેશોદ અને મેંદરડા મધુવતી નદીના કિનારે, જૂનાગઢ સુવર્ણસિક્તા નદીના કિનારે અને માળિયા–હાટીના મેઘલ નદીના કિનારે વસેલાં શહેરો છે.

## પ્રદેશોની ઓળખ

જૂનાગઢ જિલ્લાની **ગીરની ટેકરીઓથી દક્ષિણે આવેલો દરિયાકિનારાનો પ્રદેશ 'સોરઠ'** તરીકે ઓળખાય છે. ચીની યાત્રી હ્યુ–એન–ત્સાંગે સોરઠ પ્રદેશને **'સુલકા'** તરીકે પ્રયોજ્યો હતો.

- જૂનાગઢના માળીયા–હાટીના તાલુકાના ચોરવાડથી ગીર–સોમનાથના ઉના તાલુકા વચ્ચેના પ્રદેશને **'લીલી નાઘેરના પ્રદેશ'** તરીકે ઓળખવામાં આવે છે.
- જૂનાગઢના માણાવદર તાલુકાથી પોરબંદરમાં આવેલ નવી બંદર સુધીના વિસ્તારને **'ઘેડ પ્રદેશ'** તરીકે ઓળખવામાં આવે છે. ઘેડ એટલે દરિયાની સપાટી કરતા નીચે આવેલ જમીન વિસ્તાર.
- અહીં આવેલ પ્રાકૃતિક ચિકિત્સા માટે વિવિધ ઔષધિ વનસ્પતિઓનું સંગ્રહાલય જાણીતું છે.
- જૂનાગઢ જિલ્લાને 'વાડીઓના જિલ્લા' તરીકે ઓળખવામાં આવે છે.
- ગુજરાતમાં સૌથી વધુ કૂવા જૂનાગઢ જિલ્લામાં આવેલા છે.

### કૂવા વિશે જાણવા જેવું

- ગુજરાતમાં સૌથી વધુ કૂવા દ્વારા સિંચાઈ મહેસાણા જિલ્લામાં થાય છે.
- ગુજરાતમાં સૌથી વધુ પાતાળ કૂવા સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલાં છે.
- ગુજરાતનો સૌપ્રથમ પાતાળ કૂવો મહેસાણામાં ઈ.સ. 1935માં ગાયકવાડ સરકારે બનાવ્યો હતો.

### ☑ નોંધ

અમુક જગ્યાએ ગુજરાતનાં પ્રથમ પાતાળ કૂવા તરીકે અમદાવાદના ભમ્મરિયા કૂવાને દર્શાવાયો છે.

- ગુજરાતનો સૌથી ઊંચો પર્વત ગિરનાર જૂનાગઢ જિલ્લામાં આવેલો છે. તેની ઊંચાઈ આશરે 1153.2 મીટર જેટલી છે. આ પર્વત બેસાલ્ટ અગ્નિકૃત ખડકોનો બનેલો છે.
- **ગુજરાતનું સૌથી ઊંચું શિખર ગોરખનાથ** છે. આ ટૂંક પર ગુરુ દત્તાત્રેય બિરાજમાન છે. જેમાં 10,000 પગથિયાંઓ છે. તેની ઊંચાઈ આશરે 1117 મીટર છે.
- વર્ષ 2017માં શિલાન્યાસ કરવામાં આવેલ ગિરનાર રોપ–વે પ્રોજેક્ટનું તાજેતરમાં ઓક્ટોબર, 2020માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ એશિયાનો સૌથી લાંબો રોપ–વે છે. જે ₹ 130 કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ ઉષા બ્રેકો દ્વારા BOT (Build Operate & Transfer) મોડલ અંતર્ગત બનાવવામાં આવ્યો છે. આ સાથે ગુજરાતમાં કુલ ત્રણ જગ્યાએ રોપ–વે સુવિધા અસ્તિત્વમાં છે. (જૂનાગઢ, પાવાગઢ અને અંબાજી)



ગિરનાર રોપ-વે

## અભયારણ્ય

ગીર અભયારણ્ય

- ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

# આર્થિક માહિતી

## પાક

મગફળીના ઉત્પાદનમાં જૂનાગઢ જિલ્લો ગુજરાતમાં પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત કેરી, કપાસ, જુવાર, તલ, બાજરી, નારિયેળ, ચીકુના ઉત્પાદન માટે જૂનાગઢ જાણીતું છે.

## ખનીજ

જૂનાગઢ જિલ્લાના ગીરના જંગલોમાંથી મળતા કેલ્સાઈટને **'પનાલા ડિપોઝિટ'** કહે છે. તેનો ઉપયોગ સૂક્ષ્મદર્શક સાધનો, મેટલ પોલિશ, રબર, સાબુ, ખાંડ, સિમેન્ટ વગેરે વસ્તુઓની બનાવટમાં થાય છે. ભારતમાં કેલ્સાઈટના ઉત્પાદનમાં ગુજરાત બીજા સ્થાને છે.

- માંગરોળ તાલુકામાં ચૂનાના પથ્થરવાળી જમીન આવેલી છે જેનો ઉપયોગ સિમેન્ટ ઉત્પાદનમાં અને મકાનના બાંધકામમાં કરવામાં આવે છે.
- માળીયા–હાટીના તાલુકામાં અને માંગરોળ તાલુકાના દરિયા કિનારે મોટાપાયે ભુખરા રંગના પથ્થર મળી આવે છે.

## ઉદ્યોગો

ગુજરાતમાં સૌથી વધુ મગફળી તેલની મિલો અહીં છે. (કપાસિયા તેલની સૌથી વધુ મિલો મહેસાણા જિલ્લામાં આવેલી છે.)

- દીવાસળી બનાવવાનો ઉદ્યોગ ચોરવાડ ખાતે વિકસ્યો છે.
- મત્સ્ય ઉદ્યોગ, ખાંડ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

## ડેરી ઉદ્યોગો

સોરઠ ડેરી, જૂનાગઢ

DEMO COPY

## મેળા – ઉત્સવો

### ○ ભવનાથનો મેળો

સુવર્ણસિકતા નદીના કિનારે મહાવદ તેરસના દિવસથી મહાવદ અમાસ (મહાશિવરાત્રી) સુધી ભવનાથ મંદિરમાં આ મેળો ભરાય છે. જે **'ભવનાથના મેળા'** તરીકે ઓળખાય છે. આ મેળામાં મેવાડ, કચ્છ તથા ગુજરાતથી લાખો લોકો આવે છે. તેથી તેને ગિરનાર શિવરાત્રી મિનિકુંભ તરીકે પણ ઓળખવામાં આવે છે. ગિરનાર શિવરાત્રી કુંભમેળો મહાશિવરાત્રીના પાંચ દિવસ પહેલા શરૂ થાય છે અને મેળાનો છેલ્લો દિવસ મહાશિવરાત્રી છે.

➡ મેળાની શરૂઆત દિગંબર હિંદુ સંતો દ્વારા ધ્વજારોહણ સાથે શરૂ થાય છે.પાંચ દિવસની ઉજવણી માટે કેટલાક મહોત્સવનું આયોજન હોય છે. જૂનાગઢમાં આવેલા ભવનાથ મંદિર સામે મૃગિકુંડમાં શિવરાત્રી નિમિત્તે દિગંબર સાધુઓના સ્નાનનું અનેરું મહત્વ રહેલું છે. મહાશિવરાત્રીના અંતિમ દિવસે મહાઆરતીનું આયોજન હોય છે.

**લોકવાયકા**

દિગંબર સાધુઓની સાથે પાંડવો, ભર્તુહરિ, ગોપીચંદ અને અશ્વથામાં આ મેળામાં સામેલ થાય છે અને મૃગી કુંડમાં સ્નાન કરીને ભવનાથ મહાદેવના મંદિરે જાય છે.

➡ રાજ્ય સરકારે વર્ષ 2019 માં આ મેળાને મિનિકુંભ મેળાનો દરજ્જો આપ્યો છે. સ્કંદપુરાણમાં ભવનાથ મેળા માટે દંતકથાનો ઉલ્લેખ છે કે શિવ–પાર્વતી જ્યારે રથમાં આકાશમાં જતા હતા ત્યારે તેમનું દિવ્ય ઘરેણુ નીચે ભવનાથ મંદિર પાસે પડયું આથી આ સ્થળને **'વસ્ત્રપૂતક્ષેત્ર'** કહેવાય છે. લોકવાયકા મુજબ ભવનાથ મેળામાં અર્જુને સાધુ વેશે ભગવાન શ્રી કૃષ્ણની બહેન સુભદ્રાનું અપહરણ કર્યુ હતું.

**☑ નોંધ**

આ મેળામાં ધાર્મિક સંસ્થાઓ અને સહકાર આપવા માંગતા દાતાશ્રીઓ સેવા કરવા આવે છે. સેવા કરવા માટેની પણ પહેલાથી જ ચોકકસ જગ્યા નક્કી હોય છે અને ત્યાં જ પોતાનો મુકામ રાખે છે જે ને રાવટી અથવા ઉતારો બોલે છે.

### ○ ઝુંડનો મેળો

ઝુંડ ભવાની માતાજીના મંદિર ખાતે માળિયા હાટીના તાલુકામાં ચોરવાડના દરિયા કિનારે ભરાય છે.

### ○ ઉર્સનો મેળો

જૂનાગઢના ઉપલા દાતાર પર ભરાય છે. અહી મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો આવે છે ઉપરાંત હિંદુ મુસ્લિમ એકતાના દર્શન થાય છે.

### ○ લીલી પરિક્રમા

કારતક સુદ અગિયારસથી દેવદિવાળી સુધી ગિરનારની પરિક્રમા (36 કિ.મી) કરવામાં આવે છે. તેને 'લીલી પરિક્રમા' કહે છે.આ પરીક્રમાં દરમિયાન બીજા દિવસે (પ્રથમ વિસામો) રાત્રી રોકાણ **'જીવણબાવાની મઢી'એ** થાય છે. ત્રીજા દિવસનું રાત્રી રોકાણ ગિરનાર જંગલના મધ્યમાં આવેલ અતિ રમણીય સ્થળ 'માળવેલા'માં થાય છે.તેમજ ચોથા દિવસનું અને છેલ્લા દિવસનું રાત્રિ રોકાણ 'બોરદેવી' ખાતે થાય છે. યાત્રાના છેલ્લા અને પાંચમા દિવસે ભવનાથ મહાદેવના દર્શન કરીને દામોદર કુંડમાં સ્નાન કરીને યાત્રા પૂરી કરે છે.

**લોકવાયકા**

સ્કંદપુરાણમાં આ જગ્યાનો ઉલ્લેખ જોવા મળે છે, તે મુજબ શ્રી કૃષ્ણના બહેન સુભદ્રા અને અર્જુનના લગ્ન અહી થયેલ છે. જગદંબામાં અંબિકા માતાજી અહી બોરડીમાંથી પ્રગટ થયેલ તેથી આ સ્થળનું નામ બોરદેવી પડેલ તેવી લોકવાયકા છે.

| જૂનાગઢના અન્ય મેળા | |
|---|---|
| સત્તાધાર | સંત આપાગીગાની સમાધિ સ્થાન વિસાવદર તાલુકાના સત્તાધારમાં આવેલું છે.ત્યાં દરવર્ષે અષાઢી બીજના દિવસે મેળો ભરાય છે. |
| તોરણીયા | રામદેવ પીરના સ્થાન નકળંગધામ તોરણીયામાં અષાઢી બીજના દિવસે તોરણીયાનો મેળો ભરાય છે. |
| પરબ | ભેસાણ તાલુકાનાં પરબ ખાતે સત્ દેવીદાસ–અમર દેવીદાસની જગ્યામાં અષાઢી બીજનો મેળો ભરાય છે. |

## લોકનૃત્ય

### ○ ટિપ્પણી

ટિપ્પણી નૃત્ય એ એક શ્રમહારી નૃત્ય છે. સૌરાષ્ટ્રના ચોરવાડ વિસ્તાર તથા વેરાવળની ખારવણ બહેનો દ્વારા તેને રજૂ કરવામાં આવે છે. પહેલાંના સમયમાં ઓરડા, મંદિર કે ભોંય પર માટીથી લીપણ કરતા પહેલા માટીને પગ વડે ખુંદવામાં આવતી. આ કાર્ય કંટાળા જનક ન લાગે, તે માટે વચ્ચે વચ્ચે ગીતો ગાવા સાથે સંગીતમય વાંજિત્રોનો ઉપયોગ કરતા.શ્રમમાંથી આનંદ કેવી રીતે મેળવવો અને કઈ રીતે થાક દૂર થાય તે આ નૃત્યનો મુખ્ય હેતુ છે.



ટિપ્પણી લોક નૃત્ય

DEMO COPY






5

# ઝાલાવાડની ભૂમિ

# સુરેન્દ્રનગર

DEMO COPY





તરણેતરનો મેળો

- આ મેળામાં રૂપાળાં ભરત ભરેલી, મોતીથી સજેલી, આભલા અને ફૂમતા ટાંકેલી, રૂમાલથી શણગારેલી છત્રીઓનું વિશેષ આકર્ષણ હોય છે. ટીટોડો અને હુડા રાસ આ મેળાની આગવી ઓળખ છે.
- આ મેળો ગુજરાતનો સૌથી વધુ **'ભાતીગળ અને લોકમેળા'** તરીકે પ્રસિદ્ધ છે.
- આ મેળામાં ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવે છે.
- સુરેન્દ્રનગરના તરણેતરના મેળામાં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરે દ્રૌપદી સ્વયંવરમાં અર્જુને મત્સ્યવેધ કર્યો હોવાની માન્યતા છે.
- ભારતભરમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના માત્ર બે જ મંદિર છે. એક સુરેન્દ્રનગરના થાનગઢમાં આવેલ તરણેતરનું અને બીજું બદ્રિકા પાસે આવેલ ત્રિનેત્ર તીર્થ છે.
- આ મેળામાં ઋષિ–પાંચમનું અનેરું મહત્વ છે. આ મેળામાં સૌરાષ્ટ્રના ભરવાડ સમાજના લોકો **'હુડો નૃત્ય'** કરે છે.

**લોકવાયકા**

- ભગવાન વિષ્ણુએ શિવજીને પ્રસન્ન કરવા માટે કઠોર તપસ્યા કરી અને તેમને એક હજાર એક કમળ ચઢાવવાના હતાં, તે સમયે એક કમળ ખૂટ્યું ત્યારે શિવજી ઉપર પોતાનું નેત્ર ચઢાવ્યું હતું, આથી આ મંદિરને ત્રિનેત્રેશ્વર તરીકે ઓળખવામાં આવે છે, જે અપભ્રંશ થઈને ત્રિનેત્રેશ્વરમાંથી તરણેતર થયું.
- બીજી લોકવાયકા મુજબ તારકાસુરનો નાશ કરવા માટે શિવના પુત્રીની ઉત્પત્તિ થવી જરૂરી હતી તેથી કામદેવ શિવને રિઝવવા મોહાસ્ત્ર ફેંકે છે મોહિત થયેલા શિવ ત્રીજું નેત્ર ખોલી નાંખે છે અને કામદેવ ભસ્મ થઈ જાય છે. તેમની પત્ની રતિ વિલાપ કરે છે. શિવ તેમને **'દ્વાપર યુગ'** સુધી રાહ જોવા કહે છે. દ્વાપર યુગમાં કૃષ્ણને ત્યાં કામદેવ જન્મ લેશે અને રતિને પ્રાપ્ત થશે આથી રતિએ ત્રીજું નેત્ર એટલે ત્રિનેત્ર મંદિર બનાવી રાહ જોઈ હતી.

### ○ દૂધરેજનો મેળો

વઢવાણ તાલુકાના દૂધરેજમાં રબારી સમાજનું દુધરેજ યાત્રાધામ છે જ્યાં તેમના આરાધ્યા દેવ **વડવાળાની ગાદી** આવેલી છે. અહીં, અષાઢી બીજનો દૂધરેજનો મેળો ભરાય છે.

## વિરલ વ્યક્તિઓ

### ○ સાહિત્ય ક્ષેત્રે

દલપતરામ ડાહ્યાભાઈ તરવાડી(જન્મ: વઢવાણ), કવિ મીન પીયાસી (જન્મ: ચૂડા), પંડિત સુખલાલજી (જન્મ: લીંબડી), ચુનીલાલ શાહ(જન્મ: વઢવાણ), સ્વામી આનંદ(જન્મ: શિયાણી, વઢવાણ), ઝવેરચંદ મેઘાણી(જન્મ: ચોટીલા), લાભશંકર ઠાકર(જન્મ: દસાડા), કુંદનિકા કાપડિયા(જન્મ: લીંબડી), દિનકરરાય વેદ, ક્રાંતિકારી સરદારસિંહ રાણા(જન્મ: કંથારિયા, લીંબડી), લોક ગાયક હેમુ ગઢવી(જન્મ: સાયલા), શાહબુદ્દીન રાઠોડ(જન્મ: થાનગઢ), અમૃતલાલ શેઠ (પત્રકાર)

- કન્યાકેળવણીના હિમાયતી અરૂણાબેન દેસાઈ, થાનના આપા જાદરા અને મેવા ભગત જાણીતા છે.

### ○ ચિત્રકલા ક્ષેત્રે

ગુલાબ મહમ્મદ શેખ (દૂધરેજ)

### ○ સામાજિક ક્ષેત્રે

જુગતરામ દવે (જન્મ: લખતર, ઉપનામ: વેડછીનો વડલો)

DEMO COPY

## ? અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

1. ગુજરાતનો સૌથી વધુ 'ભાતીગળ અને લોકમેળા' તરીકે સુપ્રસિદ્ધ છે..... (હેડ ક્લાર્ક વર્ગ–3/2011)
   (A) વૌઠાનો મેળો (B) શામળાજીનો મેળો
   (C) શિવરાત્રિનો મેળો (D) તરણેતરનો મેળો
2. કપાસની ખેતી કયા જિલ્લામાં વિશેષ પ્રમાણમાં થાય છે? (કોમર્શિયલ ટેક્સ ઈન્સપેક્ટર વર્ગ–3, 2012)
   (A) કચ્છ (B) બનાસકાંઠા
   (C) સુરેન્દ્રનગર (D) ઉપરનામાંથી એક પણ નહીં
3. વિશ્વનું સૌથી મોટું વોટર પમ્પીગ સ્ટેશન કયા આવેલું છે ? (GSSSB–ઓફિસ આસી. સચિવાલય, 2015)
   (A) સુરેન્દ્રનગર ખાતે (B) વલસાડ ખાતે
   (C) સરદાર સરોવર ખાતે (D) વણાકબોરી ખાતે
4. ગુજરાત સરકારે સ્થાપેલ વનો પૈકી 'ભક્તિ વન' કયા પર્વતની તળેટીમાં આવેલું છે ? (GSSSB સબ એકાઉન્ટન્ટ/ઓડિટર, 2015)
   (A) થાનગઢ (B) ચોટીલા
   (C) ઢાંકી (D) રાણપુર

- ગીર સિંહ અભયારણ્ય અંતર્ગત આંબરડી ગામ પાસે સિંહ દર્શન માટે સફારી પાર્ક બનાવવામાં આવ્યો છે.



આંબરડી સફારી પાર્ક

- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વર્ષ 2017માં અમરેલી જિલ્લામાં ધારી તાલુકામાં આંબરડી ખાતે વન્ય પ્રાણીઓ ગીર સિંહ અભયારણ્ય અંતર્ગત **'સફારી પાર્ક'**નું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

### બાબરા

પાંડવગુફા બાબરાના ખંભાળામાં આવેલી છે. પાંડવોએ અહીં વનવાસ દરમિયાન નિવાસ કર્યો હતો તેવી લોકવાયકા છે.

### કુંકાવાવ

**પ્રસિદ્ધ રાંદલમાતાનું મૂળ સ્થાનક દડવા** આ તાલુકામાં આવેલું છે જે રવિ રાંદલના માતાના મંદિર તરીકે જાણીતું છે. બીજું ધોળા રાંદલ દડવા મંદિર ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં આવેલું છે.

- કુંકાવાવ તાલુકાના ખડખડ ગામે **સંત વેલનાથની સમાધિ** આવેલી છે.
- કુંકાવાવ તાલુકામાં **કુંકાશાહપીરની દરગાહ** આવેલી છે જે હિંદુ મુસ્લિમ એકતાનું પ્રતીક છે. જ્યાં દર વર્ષે અષાઢ સુદ બીજના દિવસે મેળો ભરાય છે.

## સાંસ્કૃતિક માહિતી

### જિલ્લાની ઐતિહાસિક ધરોહર

#### ○ ગોહિલવાડનો ટીંબો

ગોહિલવાડનો ટીંબો અમરેલીથી થોડે દૂર પશ્ચિમ દિશામાં આવેલો છે. ઈ.સ.1945માં હિરાનંદ શાસ્ત્રી દ્વારા આ સ્થળનું ઉત્ખનન થયું. ત્યારબાદ ઈ.સ.1953માં એસ.આર.રાવે આ કામ આગળ ધપાવ્યું હતું. આ સ્થળેથી તામ્રપત્ર,શંખની કોતરણીવાળી બંગડીઓ, કબરો, પકવેલી માટીની પ્રાણીઓની મૂર્તિઓ તથા પ્રાચીન લિપિના વાસણો જેવા જુદા જુદા અવશેષો પ્રાપ્ત થયા હતાં. અહીંથી ક્ષત્રપ અને ગુપ્તવંશના સિક્કાઓ પણ મળી આવ્યા છે. આ ઉપરાંત, દાઢીવાળા ગ્રીકની આકૃતિવાળી માટીની તકતી મળી આવી છે.

### પવિત્ર સ્થાનો


ભૂરખિયા હનુમાન મંદિર

લાઠી તાલુકાના **ભૂરખિયા ગામે હનુમાનજીનું** 400 વર્ષ **જૂનું મંદિર** આવેલું છે. જ્યાં ચૈત્ર સુદ પુનમના દિવસે ભાતીગળ મેળો ભરાય છે.

- જાફરાબાદના પારેખ નારણભાઈ આણંદજીના પત્ની કસ્તુરબાઈએ સંવત 1878માં પાંડરશિંગા ખાતે પ્રાચીન એવું શ્રી વિશ્વંભરનાથજીનું દેવાલય (કાશી વિશ્વનાથજીનું મંદિર) બંધાવેલ છે. જેના ભીંતચિત્રોમાં રામચંદ્રના વિવાહ, રામ–રાવણનું યુદ્ધ, સમુદ્રમંથન, નૃસિંહ અવતાર વગેરે જોવા મળે છે. જે પાંડરશિંગાના ચિત્રો તરીકે પ્રસિદ્ધ છે.

### વાવ – તળાવ – સરોવર

- ગોપી તળાવ, (તા.અમરેલી)
- બ્રહ્મકુંડ, (તા. બાબરા)
- હરિકૃષ્ણ સરોવર, દુધાળા (તા. લાઠી)
- થાન વાવ, શિયાળબેટ, (તા.જાફરાબાદ)
- પંચકુંડ(પાંડવકુંડ), (તા. બાબરા)
- શાહગૌરા વાવ, (તા. લાઠી)

### મહેલ – હવેલી – કિલ્લાઓ

#### ○ કલાપી તીર્થ


કલાપી તીર્થ

લાઠી ખાતે આવેલ લાઠીના દરબાર સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'નો રાજમહેલ(રંગમહેલ) જોવાલાયક છે. આ મહેલ કલાપીની યાદમાં **'કલાપી તીર્થ'** તરીકે સ્થપાયો છે. જેનું લોકાર્પણ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા થયું હતું.

- અમરેલીમાં આવેલ ગાયકવાડ શાસન સમયનો રાજમહેલ આવેલો છે. આ મહેલ અંદાજે 150 વર્ષ કરતાં પણ જૂનો મહેલ છે.

DEMO COPY

### બંદરો

- રાજપરા (સૈયદ), તા. ઉના
- નવા બંદર, તા.ઉના
- માઢવાડ, તા.કોડીનાર
- વેરાવળ, તા.વેરાવળ
- ધામળેજ, તા.સુત્રાપાડા
- હીરાકોટ, તા.સુત્રાપાડા

### સિંચાઈ યોજના

તાલાળા તાલુકામાં હિરણ નદી પર કમલેશ્વર (હિરણ–1) ડેમ આવેલો છે.

- તાલાળા તાલુકામાં હિરણ નદી પર હિરણ – 2 ડેમ આવેલો છે.
- ગીરગઢડા તાલુકામાં શીંગવડો નદી પર શીંગવડો ડેમ આવેલો છે.
- ગીરગઢડા તાલુકામાં મછુંદ્રી નદી પર મછુંદ્રી ડેમ આવેલો છે.
- ગીરગઢડા તાલુકામાં રાવળ નદી પર રાવળ ડેમ આવેલો છે.

### સંશોધન કેન્દ્ર

પ્રાદેશિક શેરડી સંશોધન કેન્દ્ર, કોડીનાર

- ગુજરાત ઈકોલોજી એન્ડ એન્વાયરન્મેન્ટ રિસર્ચ ફાઉન્ડેશન (GEER), સાસણગીર

### રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર

51 (નવા) નંબરનો રાષ્ટ્રીય ધોરી માર્ગ આ જિલ્લામાંથી પસાર થાય છે.

### રેલવે સ્ટેશન

સોમનાથ, વેરાવળ, તાલાળા, સાસણગીર, કોડીનાર, ઉના વગેરે

## મહત્વના તાલુકાઓ

### વેરાવળ

વેરાવળનું પ્રાચીન સમયમાં વેરાકુળ નામે ઓળખાતું તથા વેરાવળ બંદર **'વેલાકુલ'** અને સુરાષ્ટ્રીયન જેવા નામે ઓળખાતું હતું.

- વેરાવળ મત્સ્ય ઉદ્યોગ માટે જાણીતું છે તથા 'શાર્ક ઓઈલ પ્લાન્ટ' અહીં આવેલો છે. **ગુજરાતના સૌથી મોટા મત્સ્યકેન્દ્ર** તરીકે વેરાવળને ઓળખવામાં આવે છે. અહીં ફિશરીઝ કોલેજ આવેલી છે.
- વર્ષ 2007માં સોમનાથ ખાતે **58મા વનમહોત્સવ દરમિયાન 'હરિહર'** વનની સ્થાપના કરવામાં આવી હતી.
- કવિ કાલીદાસના 'શાકુંતલમ્' નાટકમાં કણ્વ ઋષિને પ્રભાસ પાટણ ખાતે શકુંતલાના ભાગ્યમાં રહેલા દુરિતને(દોષને) દૂર કરવા મોકલ્યાનો ઉલ્લેખ જોવા મળે છે.
- વેરાવળ (ગીર સોમનાથ) નજીક આવેલા પ્રભાસ પાટણમાં સિંધુ સભ્યતાની વસાહતના બે સ્તર મળ્યા છે. જેમાં પ્રથમ સ્તરના નિવાસીઓ રાખોડી રંગના અને બીજા સ્તરના નિવાસીઓ ચળકતાં લાલ રંગના મૃતપાત્રોનો ઉપયોગ કરતા હતા.

### ઉના

**વિસ્તારની દ્રષ્ટિ એ ગુજરાતનો સૌથી મોટો તાલુકો ઉના છે.**

- ઉના તાલુકાનાં અહેમદપુર ખાતે સમુદ્ર કિનારે અહમદપુર માંડવી બીચ આવેલો છે. આ બીચ પામ વૃક્ષો ધરાવતું નૈસર્ગિક સૌંદર્ય સ્થળ છે. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા અહમદપુર માંડવી બીચને નજીકના દીવ ટાપુ સમકક્ષ વિકસાવવામાં આવી રહ્યું છે.
- અહમદપુર માંડવી પાસે આવેલ પ્રાચીન તીર્થસ્થાન ગુપ્તપ્રયાગમાં રાજજીનું મંદિર આવેલું છે.



શાણા વાંકિયાની ગુફાઓ

- ઉના તાલુકાના શાણા વાંકિયા ગામ પાસે રૂપેણ નદીના કિનારે શાણા ડુંગર પર શાણા વાંકિયાની 62 ગુફાઓ આવેલી છે. આ સ્થળની પાંડવોએ મુલાકાત લીધી હોવાની લોકવાયકા છે. આ સ્થળે ભીમ અને હિડીમ્બાના લગ્ન થયાની લોકવાયકા છે.
- ઉનામાં મછુંદ્રીના કિનારે દેલવાડામાં ઢળતા મિનારાઓ આવેલા છે. મહંમદ ગઝનવીએ સોમનાથની લૂંટ વખતે આ મીનારાનો નાશ કર્યો હતો.
- ઉના–તુલસીશ્યામ રોડ પર **'ભીમચાસ'** આવેલું છે. સ્થાનિક લોકવાયકા અનુસાર ભીમે માતા કુંતીની તરસ છીપાવવા માટે આ સ્થળે ધરતી પર પગ મારીને જમીનમાંથી પાણી કાઢયું હતું.

### સુત્રાપાડા

સુત્રાપાડા તાલુકાથી થોડેક દૂર પ્રાચી ખાતે પ્રાચીન તીર્થ આવેલું છે. આ સ્થળ પિતૃતર્પણની વિધિ માટે જાણીતું છે. આ જગ્યા માટે કહેવાય છે કે **'સો વાર કાશી અને એકવાર પ્રાચી'**.

- અહીં ચ્યવન ઋષિનો અને ભૃગુ ઋષિનો આશ્રમ ઓવેલો છે.

### તાલાળા

પોર્ટુગીઝો સાથે આવેલી આફ્રિકી પ્રજા **'સીદી'** મૂળ તાલાળા તાલુકાના જાંબુર ખાતે વસેલા આ ગામને નાના આફ્રિકા (મીની આફ્રિકા ઑફ ઈન્ડિયા) તરીકે પણ ઓળખવામાં આવે છે.

DEMO COPY

## વિરલ વ્યક્તિઓ

### ○ સાહિત્ય ક્ષેત્ર

સુંદરજી બેટાઈ 'દ્વૈપાયન' (જન્મ: ઓખામંડળ), વેણીભાઈ પુરોહિત (જન્મ: ખંભાળીયા) તથા મધુસુદન ઠાકર (જન્મ: ખંભાળીયા, ઉપનામ : મધુરાય) નો સમાવેશ થાય છે.

### ○ રાજકીય ક્ષેત્ર

રતુભાઈ અદાણી (જન્મ : ભાણવડ)

## ? અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

1. ગુજરાતમાં મીઠું પકવવાની સૌથી મોટી ફેક્ટરી નીચે પૈકી કઈ જગ્યાએ છે ? (મ્યુનિસિપલ એકાઉટન્ટ, 2013)
   (A) ઓખા (B) કચ્છ
   (C) પોરબંદર (D) મીઠાપુર
2. ઓખામંડળ તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે? (ટેકનીકલ ઈન્સ્ટ્રકટર ગ્રેડ–B,(ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્પ્યુનિકેશન, 2016)
   (A) જામનગર (B) જુનાગઢ
   (C) દેવભૂમિ દ્વારકા (D) વડોદરા
3. ઐતિહાસિક સ્થળ ઘુમલી કયા જિલ્લામાં આવેલું છે? (GSSSB ઈન્સ્ટ્રક્ટર–ગ્રેડ–બી ઈલેક્ટ્રિકલ, 2016)
   (A) ભાવનગર (B) કચ્છ
   (C) દેવભૂમિ દ્વારકા (D) મહીસાગર
4. દ્વારકાના મુખ્ય મંદિરનું નામ શું છે ? (GPSC વર્ગ–1, 2 - 2016)
   (A) દ્વારકાધીશનું મંદિર (B) ક્રિષ્ણ મંદિર
   (C) જગત મંદિર (D) મુખ્ય મંદિર
5. શારદાપીઠ નીચેનામાંથી કયા સ્થળે આવેલું છે? (DPSSC તલાટી કમ મંત્રી (રાજકોટ), 2017, GSBTM અકાઉન્ટન્ટ કમ એડમિન ઓફિસર, 2019)
   (A) પૂરી (B) બદ્રીનાથ
   (C) શ્રીનાથદ્વારા (D) દ્વારકા
6. મીરાંબાઈએ તેમનો દેહ કયા સ્થળે છોડયો ? (નગર પાલિકા ચીફ ઓફિસર, વર્ગ–3, 2017)
   (A) જૂનાગઢ (B) શ્રીનાથજી
   (C) ડાકોર (D) દ્વારકા
7. ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ HRIDAY યોજનામાં નીચેના પૈકી ગુજરાતનું કયું શહેર પસંદ કરવામાં આવ્યું છે ? (GPSC વર્ગ -2, 2017)
   (A) દ્વારકા (B) અંબાજી
   (C) પાલીતાણા (D) સોમનાથ
8. દ્વારકા જતાં નજીકનો (ગણેશ) નાગેશ્વર–ગોપીતળાવ તેમજ આજુબાજુના વિસ્તારને કયા નામે ઓળખવામાં આવતો હતો? (GSSSB નર્સ, 2018)
   (A) ગોપીતળાવ (B) દારૂકાવન
   (C) ભાલકાતીર્થ (D) તુલસીશ્યામ
9. ઘુમલીનું નવલખા મંદિર બારમી સદીમાં ....... શાસકો દ્વારા બાંધવામાં આવ્યું હતું. (આસિ.ચેરિટી કમિશનર વર્ગ–1, 2018)
   (A) કુમારપાળ (B) જેઠવા
   (C) ભીમદેવ–I (D) સિદ્ધરાજ
10. કલ્યાણપુર તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે? (મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, 2018)
   (A) ભાવનગર (B) ખેડા
   (C) દેવભૂમિ દ્વારકા (D) જામનગર
11. પૌરાણિક નવલખા મંદિરનું સ્થાનક ઘુમલી કયા જિલ્લામાં આવેલું છે ? (GSSSB ફિલ્ડ ઓફિસર, વર્ગ–3, 2018)
   (A) ગીર સોમનાથ (B) સુરેન્દ્રનગર
   (C) જામનગર (D) દેવભૂમિ દ્વારકા
12. સપ્તયતન શૈલીનું મંદિર ગુજરાતમાં ....... માં આવેલું છે ? (નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ –2, 2018)
   (A) ધ્રાસનવેલ (B) ચક્રભુત
   (C) કાલાવડ (D) સારમા
13. "કુશસ્થલી" નામનું શહેર હાલ કયા નામે ઓળખાય છે ? (GPCB સિનિયર ક્લાર્ક, 2019)
   (A) પાટણ (B) ભરૂચ
   (C) દ્વારકા (D) જૂનાગઢ
14. ગુજરાતના કયા તળાવની માટીમાંથી ગોપીચંદન મળી આવે છે? (GSRTC જુનિયર અકાઉન્ટન્ટ, 2019)
   (A) ધોળકાનું મલાવ તળાવ (B) વિરમગામનું મુનસર તળાવ
   (C) સિદ્ધપુરનું બિંદુ સરોવર (D) બેટદ્વારકાનું ગોપી તળાવ
15. ગુજરાતનાં કયા પૌરાણિક નગરના કેટલાક અવશેષો સમુદ્રના તળિયેથી મળ્યાં છે ? (GSRTC જુનિયર આસિસ્ટન્ટ, 2019)
   (A) ગિરનાર (B) દ્વારકા
   (C) લોથલ (D) કંડલા

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

- પાલનપુરના **કીર્તિ સ્તંભ**નું નિર્માણ નવાબ તાલે મહમંદખાને કરાવ્યું હતું.
- પૌરાણિક ગંગેશ્વર મહાદેવનું મંદિર તથા પાતાળેશ્વર મહાદેવું મંદિર પાલનપુરમાં આવેલુ છે.
- અંબાજી નજીક પૌરાણિક માનસરોવર આવેલ છે. અહીં શ્રીકૃષ્ણએ માથાના વાળ ઉતારવાની વિધિ (ચૌલકર્મ) કરી હોવાની દંતકથા છે.

## દાંતા તાલુકો

કોટેશ્વર નજીક સરસ્વતી નદીનું ઉદ્ગમ સ્થાન આવેલું છે. અહીં, રામાયણ લેખનનો પ્રારંભ થયો હોવાની લોકવાયકા મુજબનો વાલ્મિકી આશ્રમ અહીં આવેલો છે.



નેમિનાથનું જૈન મંદિર

- રાણાકુંભાએ દાંતા તાલુકામાં આવેલ કુંભારિયા ગામ સ્થાપ્યું હતું. અહીં 22મા તીર્થંકર નેમિનાથનું જૈન મંદિર તથા કુંભેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જેને સોલંકી વંશના રાજા ભીમદેવ સોલંકીના મંત્રી વિમલ શાહે બંધાવ્યું હતું.
- જેસોરની ટેકરીઓ દાંતા અને પાલનપુર તાલુકા વચ્ચે આવેલી છે.દાંતા તાલુકો ઉચ્ચ ગુણવત્તાયુક્ત આરસપહાણના ઉત્પાદન માટે જાણીતો છે.

## અમીરગઢ

અમીરગઢ તાલુકાનું **મુખ્ય મથક ઈકબાલગઢ** છે.

- અમીરગઢમાં અરવલ્લીની પર્વતમાળામાં આવેલું મહાભારત યુગનું કેદારનાથ મહાદેવ તથા બનાસ નદીના કિનારે આવેલું વિશ્વેશ્વરનું પૌરાણિક મંદિર જોવા લાયક સ્થળ છે. તે ઉપરાંત અમીરગઢ તાલુકાના સરોત્રા ગામે બાવન ધ્વજ મંદિર આવેલુ છે.

## ડીસા

પ્રાચીન સમયમાં **'દેવીગામ'** તરીકે જાણીતુ હતું જે પછીથી અપભ્રંશ થઈને 'ડીસા' નામ પડયું.

- બનાસકાંઠાનો ડીસા તાલુકો **સમગ્ર ભારતમાં બટાકાના ઉત્પાદનમાં પ્રથમ ક્રમ** ધરાવે છે. તેથી ગોળક્રાંતિના શહેર તરીકે જાણીતું છે.
- **ગુજરાતનું સૌથી વધુ તાપમાન** ઉનાળા દરમિયાન બનાસકાંઠાના ડીસા ખાતે નોંધાય છે. (શિયાળા દરમિયાન સૌથી નીચું તાપમાન કચ્છના નલિયામાં રહે છે.)
- પ્રાચીન જૈન તીર્થ ભીલડિયાજી ડીસા તાલુકામાં આવેલું છે. અહીં 23મા જૈન તીર્થંકર પાર્શ્વનાથની મૂર્તિ બિરાજમાન છે.

## સુઈગામ

સુઈગામની સ્થાપના પંચાજી વંશના સોગાજી દ્વારા થઈ હતી.

- સુઈ ગામ તાલુકો વર્ષ 2013માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સમયમાં અસ્તિત્વમાં આવ્યો હતો.
- સુઈગામના નડાબેટ ખાતે વાઘા બોર્ડરના આધારે સીમા દર્શન શરૂ કરાયું છે. અહીં **નડેશ્વરી માતાનુ પ્રખ્યાત મંદિર** આવેલું છે. આ સ્થળે દર વર્ષે ચૈત્ર સુદ નોમના દિવસે મેળો યોજાય છે.



સીમા દર્શન, વાઘા બોર્ડર

## થરાદ

ભોરોલ જૈન તીર્થ થરાદ તાલુકામાં આવેલું છે. અહીં 22મા તીર્થંકર નેમીનાથનું તીર્થ સ્થાન આવેલું છે. ઉપરાંત અમીઝરામાં પાર્શ્વનાથનું દેરાસર આવેલું છે.

## દિયોદર

નાના અંબાજી તરીકે જાણીતું મંદિર દિયોદર તાલુકામાં આવેલું છે. જે અંબાજી પછીનું પ્રાચીન મંદિર ગણાય છે.

- **નોંધ :** નાના અંબાજી તરીકેની ઉપમા ખેડ બ્રહ્માના અંબાજી યાત્રાધામને મળેલી છે.

## કાંકરેજ

કાંકરેજ તાલુકાનું મુખ્યમથક શિહોરી છે. કાંકરેજની કાંકરેજી ગાય પ્રખ્યાત છે.

- **ગુજરાતનું એકમાત્ર ગાય માતાનું મંદિર** કાંકરેજ તાલુકામાં આવેલું છે.

## વાવ

વાવ તાલુકાના રાધાનેસડા ગામે 700 મેગાવોટનો સોલારપાર્ક નિર્માણાધીન છે.

DEMO COPY

## ભૌગોલિક માહિતી

1 મે,1960 ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે મહેસાણા જિલ્લાની રચના કરવામાં આવી હતી. જિલ્લાનું મુખ્ય મથક મહેસાણા છે.

### નદીઓ

1. પુષ્પાવતી 2. રૂપેણ 3. ખારી 4. સાબરમતી.

### નદી કિનારે વસેલા શહેરો

ઐઠોર અને મોઢેરા પુષ્પાવતી નદીના કિનારે તથા વિસનગર, મહેસાણા અને ખેરાલુ રૂપેણ નદીના કિનારે વસેલા શહેરો છે.

- સાબરમતી નદી મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાની સરહદ બનાવે છે.

### પ્રદેશોની ઓળખ

મહેસાણા જીલ્લાના શંખલપુર અને બહુચરાજી તાલુકાનો વિસ્તાર **'ચુંવાળ પ્રદેશ'** તરીકે જાણીતો છે.

- ગાંધીનગરના કલોલ તાલુકા અને મહેસાણાના કડી તાલુકા વચ્ચે **'ખાખરીયા ટપ્પાનો પ્રદેશ'** આવેલો છે. કડી તાલુકાના ખાખરીયા ટપ્પામાં કાળિયાર હરણો જોવા મળે છે.
- સાબરમતી નદીના પશ્ચિમ ભાગમાં મહેસાણાના સતલાસણા તાલુકામાં **'ગઢવાડા પ્રદેશ'** આવેલો છે. મહેસાણા જિલ્લામાં ઈશાન બાજુએ ખેરાલુ અને સતલાસણા વિસ્તારમાં અરવલ્લીની ગિરિમાળા આવેલી છે.
- મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં તારંગા ડુંગર આવેલો છે. તારંગાની ટેકરીઓ મહેસાણા જિલ્લાની ઈશાન બાજુએ આવેલ છે.
- મહેસાણાની દક્ષિણે કડી તાલુકામાં **'થોળ પ્રદેશ'** આવેલો છે.

### જાતિ પ્રમાણ

મહેસાણા સૌથી ઓછું શહેરી શિશુ લીંગ પ્રમાણ ધરાવે છે.

### અભયારણ્ય

#### ○ થોળ પક્ષી અભયારણ્ય

કડી તાલુકામાં **'થોળ પક્ષી અભયારણ્ય'** આવેલું છે. આ અભયારણ્ય ઈ.સ.1988માં આરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું. જેને વર્ષ 2012માં ગેઈન રિઝર્વ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

## આર્થિક માહિતી

### પાક

જિલ્લામાં ઘઉંના વાવેતરમાં ગુજરાતમાં પ્રથમ સ્થાને અને ઉત્પાદનમાં બીજા સ્થાને છે. (અમદાવાદ જિલ્લો ઘઉંના ઉત્પાદનમાં પ્રથમ હિસ્સો ધરાવે છે.)

- જીરું, વરિયાળી અને ઈસબગૂલના ઉત્પાદનમાં ગુજરાતમાં પ્રથમ સ્થાને છે.
- જીરૂ, ઈસબગૂલ અને વરિયાળીનું ભારતનું સૌથી મોટું બજાર ઊંઝા ખાતે આવેલું છે. ઊંઝા શહેરને **'મસાલાના શહેર'** તરીકે પણ ઓળખાવામાં આવે છે.
- એરંડાના ઉત્પાદનમાં મહેસાણા જિલ્લો અને ગાંધીનગર જિલ્લો પ્રથમ સ્થાને આવે છે.
- જુવાર, બાજરી, તમાકુ, બટાકા, કપાસ વગેરેનું અહી મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે.

### ખનીજ

કડી અને વિસનગર પાસેથી ખનીજ તેલ અને કુદરતી વાયુ મળ્યાં છે.

- કોટ અને વીરપુર પાસેથી ચિનાઈ માટી મળે છે.

### ઉદ્યોગો

મહેસાણા જિલ્લામાં **કપાસિયા તેલની સૌથી વધુ મિલો** આવેલી છે. (મગફળીના તેલની સૌથી વધુ મિલો જૂનાગઢ જિલ્લામાં આવેલી છે.)

- વિસનગરમાં તાંબા-પિત્તળનાં વાસણો બનાવવાનો ઉદ્યોગ છે.
- બહુચરાજી તાલુકાના હાંસલપુર ખાતે મારૂતિ સુઝુકીનો મોટરકાર બનાવવાનો ઉદ્યોગ આવેલો છે.

### ડેરી ઉદ્યોગ

દૂધસાગર ડેરી, મહેસાણા; આ ડેરીની સ્થાપના માનસિંહ પટેલે ઈ.સ.1963માં કરી હતી.

- દૂધસાગર ડેરી ગુજરાતમાં દૂધ ઉત્પાદનમાં અગ્રેસર છે. જેથી મહેસાણાને **'મિલ્ક સિટી'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

### સિંચાઈ યોજના

સતલાસણા તાલુકાના ધરોઈ ગામ પાસે ઈ.સ.1978માં સાબરમતી નદી પર ધરોઈ બંધ બાંધવામાં આવ્યો છે.

### સંશોધન કેન્દ્ર

મસાલા સંશોધન કેન્દ્ર, જગુદણ

- એગ્રિકલ્ચરલ રિસર્ચ સ્ટેશન, લાડોળ
- ઘઉં સંશોધન કેન્દ્ર, વિજાપુર

### હવાઈ મથક

મહેસાણા


### રેલવે સ્ટેશન


મહેસાણા, વિસનગર, તારંગા, ઊંઝા, વડનગર, જોટાણ, બહુચરાજી, ગોઝારિયા, કડી વગેરે

### વિકાસગાથા

ગાયકવાડ સરકાર દ્વારા ઈ.સ.1935માં સૌપ્રથમ પાતાળ કૂવો મહેસાણા જિલ્લામાં ખોદવામાં આવ્યો હતો.

DEMO COPY



ઈડરિયો ગઢ...

# સાબરકાંઠા




DEMO COPY

### ○ રૂઠી રાણીનો મહેલ

સાબરકાંઠા જિલ્લામાં અરવલ્લીની પર્વતમાળામાં ઈડર તાલુકામાં આવેલ છે. જે આજે જર્જરિત અવસ્થામાં જોવા મળે છે. આ મહેલનો જિર્ણોદ્ધાર કુમારપાળ સોલંકીએ કરાવ્યો હતો.

## મેળા – ઉત્સવો

### ○ ચિત્રવિચિત્રનો મેળો

પોશીના તાલુકાના ગુણભાખરી ગામે **ફાગણ વદ ચૌદશના દિવસે** યોજાય છે. અહીં આકુળ, વ્યાકુળ અને સાબરમતી નદીનો સંગમ થાય છે. આ મેળાના પહેલા દિવસે ત્રિવેણી સંગમ સ્થાને ભીલ અને ગરાસિયા આદિવાસીઓ તેમના પૂર્વજોની યાદમાં વિલાપ કરે છે, અને એકબીજાને આશ્વાસન આપે છે. આ વિધિને હાડ ગાળવાની વિધિ કહેવામાં આવી છે. બીજા દિવસે આ મેળો નવા જ રંગમાં આવે છે. આ દિવસે આદિવાસીઓ ઢોલ નગારાના તાલે નૃત્ય કરે છે અને તાલબદ્ધ સ્વરે ગીતો ગાઈને આનંદ પ્રમોદ કરે છે.

**લોકવાયકા**

પૌરાણિક કાળની લોકવાયકા મુજબ હસ્તિનાપુરના રાજા શાંતનુના બે પુત્રો ચિત્રવીર્ય અને વિચિત્રવીર્યના મનમાં રાજા શાંતનુના મોટા પુત્ર દેવવ્રત અને તેમની માતા સત્યવતી વચ્ચેના સંબંધોની ગેરસમજણની માન્યતા ઉભી થઈ_ હતી. પરંતુ પાછળથી પસ્તાવો થતા બંનેએ પોતાનું બલિદાન ગુણભાખરી નામની ટેકરીના ત્રિવેણી સંગમ સ્થળે આપ્યું હતું. ત્રિવેણી સંગમના આ સ્થળને આદિવાસી લોકો વિરેશ્વર તરીકે પણ ઓળખે છે.

- ખેડબ્રહ્મા તાલુકામાં પોશીના વિસ્તારમાં સાબરમતી અને આકુળ–વ્યાકુળ નદીના સંગમ સ્થાને ભરાતા મેળામાં પોશીના પટ્ટાના આદિવાસીઓ પોતાના દિવંગત સગાઓનું શ્રાદ્ધ કરે છે. આ મેળો ચૈત્ર સુદ પૂનમના દિવસે ભરાય છે.
- મુધ્ણેશ્વર મહાદેવનો મેળો ઈડર તાલુકાના જાદરમાં ભાદરવા માસના બીજા સોમવારથી ભરાય છે.

## વિરલ વ્યક્તિઓ

### ○ ફિલ્મ ક્ષેત્ર

ઉપેન્દ્ર ત્રિવેદી (જન્મ: ઈડર) અને અરવિંદ ત્રિવેદી (જન્મ: ઈડર)

### ○ સાહિત્ય ક્ષેત્ર

મુકેશ દુર્ગેશ જોશી (જન્મ : વડાલી)


- **ઝોહરાબેન ચાવડા (જન્મ : પ્રાંતિજ): વર્ષ** 1962માં રચાયેલી ત્રીજી લોકસભામાં માત્ર બે જ મુસ્લિમ મહિલાઓનો સમાવેશ થતો હતો જેમાના એક ઝોહરાબેન ચાવડા બનાસકાંઠા બેઠક પરથી ચૂંટણી જીતીને લોકસભા સદસ્ય બન્યા હતાં.

DEMO COPY

## ? અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

1. પુરાતન અવશેષ માટે જાણીતું "પોળો" ક્યાં આવેલું છે? (હેડ ક્લાર્ક વર્ગ–3, 2011)
   (A) કચ્છ (B) અમદાવાદ
   (C) સાબરકાંઠા (D) બનાસકાંઠા
2. ગુહાઈ સિંચાઈ યોજના કયા જિલ્લામાં છે ? (જેલ સિપાહી, 2013)
   (A) મહેસાણા (B) સાબરકાંઠા
   (C) વડોદરા (D) જામનગર
3. હાથમતી સિંચાઈ યોજના કયા જિલ્લામાં આવેલ છે ? (ગુજરાત હાઈકોર્ટ – આસીસ્ટન્ટ (જુનિયર ક્લાર્ક), 2014)
   (A) સાબરકાંઠા (B) પંચમહાલ
   (C) બનાસકાંઠા (D) આણંદ
4. ખેડબ્રહ્મા તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે? (GSSSB આસિસ્ટન્ટ ટ્રાઈબલ ડેવપમેન્ટ ઓફિસર, 2016)
   (A) સાબરકાંઠા (B) ગાંધીનગર
   (C) સુરેન્દ્રનગર (D) પંચમહાલ
5. ગુજરાતમાં સૌપ્રથમ ગોકુળિયા ગામનો દરજ્જો મેળવનાર ગામ કયું છ ? (ડેપો મેનેજર, 2016)
   (A) સોનારણ (સાબરકાંઠા) (B) પુંસરી (સાબરકાંઠા)
   (C) રાયસણ (ગાંધીનગર) (D) લાડોલ (મહેસાણા)
6. "ચિત્ર–વિચિત્ર મેળો" ક્યાં યોજાય છે ? (GPSC મુખ્ય પરીક્ષા GS-1, 2016)
   (A) અંબાજી (બનાસકાંઠા)
   (B) ગૂણભાખરી (સાબરકાંઠા)
   (C) વૌઠા (અમદાવાદ)
   (D) સાગબારા (નર્મદા)


# મધ્ય ગુજરાત




DEMO COPY

- અમદાવાદ
- વડોદરા
- ખેડા
- આણંદ
- પંચમહાલ
- દાહોદ
- મહીસાગર
- છોટા ઉદેપુર

19






## હેરીટેજ સિટી

# અમદાવાદ




DEMO COPY

43. મહારાજા જયસિંહ દ્વારા બનાવવામાં આવેલ કિલ્લાના નિર્માણ સમયે કુશળ કારીગર હીરા કડિયાની જીવનગાથા પ્રચલિત છે. આ કિલ્લાનું સ્થળ જણાવો.

(GSSSB નશાબંધી અને આબકારી ખાતા નિરીક્ષક, 2019)

(A) લુણાવાડા (B) સિદ્ધપુર
(C) જૂનાગઢ (D) ડભોઈ

44. ભકત કવિ ધીરાનું જન્મસ્થળ કયું હતું ?

(GSSSB સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (મિકેનીકલ), 2019 )

(A) ડભોઈ (B) સાવલી
(C) અમદાવાદ (D) નડિયાદ

45. કાયાવરોહણ ખાતે આવેલ પ્રસિદ્ધ ધાર્મિક મંદિરનું નામ જણાવો. (GSSSB નશાબંધી અને આબકારી ખાતા નિરીક્ષક, 2019)

(A) અંગારેશ્વર મહાદેવ (B) શુલપાણેશ્વર મહાદેવ
(C) ભીમનાથ મહાદેવ (D) કર્ણમુકતેશ્વર મહાદેવ

46. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતના નીચેના પૈકી કયા જિલ્લામાં સૌથી વધુ કૃષિ મજદૂરો નોંધાયા છે ?

(બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, મિકેનિકલ ઈજનેર વર્ગ – 2, 2020)

(A) વડોદરા (B) સુરત
(C) જૂનાગઢ (D) આણંદ

47. ગુજરાતના નીચેના પૈકી કયા સંગ્રહાલયમાં રાજા રવિ વર્માના ચિત્રો જોવા મળે છે ? (કાયદા અધિકારી, વર્ગ–1, મદદનીશ નિયામક, સામાન્ય રાજ્ય સેવા, સરકારી છાપકામ અને સ્ટેશનરી, ઉદ્યોગો અને માઈન્સ, વર્ગ–2, 2020)

(A) ફતેસિંહ સંગ્રહાલય (B) કેલીકો સંગ્રહાલય
(C) કચ્છ સંગ્રહાલય (D) એલ.ડી. સંગ્રહાલય

48. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(GPSC પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી) વર્ગ– 2, 2021)

i. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડના દરબારમાં તંજાવૂરથી નર્તિકાઓ અને સંગીતવાદ્યના નિષ્ણાંત ગુરૂઓને બોલાવવામાં આવ્યો.
ii. આ ગુરૂઓમાંથી કુબેરનાથ તંજાવૂરકરને વડોદરામાં સ્થાયી કરવામાં આવ્યા
iii. એમના થકી ગુજરાતમાં આ રીતે ભરતનાટ્યમનો ઉદય થયો.

(A) i, ii અને iii (B) ફકત ii
(C) ફકત iii (D) ઉપરોકત પૈકી કોઈ નહીં.

49. પક્ષી દર્શન અને કુદરત પ્રેમીઓ માટે વિખ્યાત વઢવાણા તળાવ (વેટલેન્ડ) કયાં આવેલું છે?

(GPSC પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી) વર્ગ– 2, 2021)

(A) ડભોઈ (B) સાપુતારા
(C) પાલનપુર (D) રાજકોટ

50. ગુજરાતમાં ઈ.એમ.ઈ–દક્ષિણામૂર્તિ મંદિર કયા આવેલું છે ?

(GPSC પોલીસ ઈન્સ્પેકટર ( બિન હથિયારી) વર્ગ– 2, 2021)

(A) વલસાડ (B) સુરત
(C) ભરૂચ (D) વડોદરા

## જવાબો

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | D | 7) | B | 13) | C | 19) | B | 25) | D | 31) | D | 37) | B | 43) | D | 49) | A |
| 2) | B | 8) | B | 14) | D | 20) | D | 26) | B | 32) | C | 38) | B | 44) | B | 50) | D |
| 3) | D | 9) | C | 15) | A | 21) | C | 27) | A | 33) | B | 39) | A | 45) | C | | |
| 4) | A | 10) | B | 16) | C | 22) | A | 28) | A | 34) | A | 40) | D | 46) | A | | |
| 5) | A | 11) | A | 17) | B | 23) | B | 29) | B | 35) | D | 41) | D | 47) | A | | |
| 6) | A | 12) | D | 18) | B | 24) | B | 30) | D | 36) | C | 42) | C | 48) | A | | |

DEMO COPY
UPNISHAD PUBLICATION

### ઉદ્યોગો

જિલ્લામાં તમાકુના સૌથી વધુ વાવેતરના કારણે અહીં બીડી અને સિગારેટનો ઉદ્યોગ વિકસ્યો છે.

- ખંભાતમાં અકીકના પથ્થર પર પોલિશ કરવાનો ઉદ્યોગ છે.

### ડેરી ઉદ્યોગ

અમુલ(આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ) ડેરી, (તા.આણંદ)

- વિદ્યા ડેરી, (તા.આણંદ)

### વિદ્યુત મથક

ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ખંભાત તાલુકાના ધુવારણ ગામે આવેલું છે. તે તેલ અને ગેસ આધારિત પાવર સ્ટેશન છે. આ થર્મલ પાવર સ્ટેશનને ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતાના સમયમાં મંજૂરી મળી હતી અને ઈ.સ. 1965માં મુખ્યમંત્રી બળવંતરાય મહેતાના સમયગાળામાં કાર્યરત બન્યું હતું. ધુવારણ તાપ વિદ્યુત મથક ગુજરાતનું સૌથી મોટું તાપવિદ્યુત મથક છે. આ પાવર પ્લાન્ટની માલિકી ગુજરાત સરકાર હસ્તકની ગુજરાત રાજ્ય વીજળી કોર્પોરેશન લિમિટેડ (GSECL) ની છે.

### સંશોધન કેન્દ્ર

નેશનલ રિસર્ચ સેન્ટર ફોર મેડિસિન એન્ડ એરોમેટિક પ્લાન, બોરિયાવી (તા.આણંદ)

- નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (સ્થાપના: ઈ.સ. 1965), (તા.આણંદ)
- બીડી તમાકુ સંશોધનકેન્દ્ર, ધર્મજ (તા.આણંદ)
- શાકભાજી સંશોધનકેન્દ્ર, (તા.આણંદ)
- ઘાસ–ચારા સંશોધન કેન્દ્ર, (તા.આણંદ)
- સરદાર પટેલ રિન્યુએબલ એનર્જી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, વલ્લભવિદ્યાનગર (તા.આણંદ)
- રિપ્રોડક્ટિવ બાયોલોજી રિસર્ચ યુનિટ, (તા.આણંદ)
- લાઈવ સ્ટોક રિસર્ચ સ્ટેશન, (તા.આણંદ)

### રાષ્ટ્રીય ધોરી માર્ગ

48 (નવા) નંબરનો રાષ્ટ્રીય ધોરી માર્ગ અને નેશનલ એક્સપ્રેસ (NE) હાઈવે નં. 1 આ જિલ્લામાંથી પસાર થાય છે.

### રેલવે સ્ટેશન

આણંદ, ઉમરેઠ, ભાલેજ, પેટલાદ, તારાપુર, ખંભાત વગેરે

## મહત્વના તાલુકાઓ

### આણંદ

આણંદને દૂધની રાજધાની તથા **શ્વેત નગરી** તરીકે ઓળખવામાં આવે છે. અહીં આણંદ ખાતે એશિયાની સૌથી મોટી અમુલ ડેરી આવેલી છે.

### અમૂલ ડેરી વિશે




- અમુલ શબ્દ એ મૂળ સંસ્કૃત શબ્દ 'અમૂલ્ય' પરથી ઊતરી આવેલો છે. એશિયાની સૌથી મોટી ડેરી **અમુલ (Amul–આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ)** ડેરીની સ્થાપના યુનિસેફની મદદથી તેમજ **મોરારજીભાઈ દેસાઈ, સરદાર વલ્લભભાઈ પટેલ** અને **ત્રિભુવનદાસ પટેલ**ના પ્રયત્નોથી 14 ડિસેમ્બર, 1946ના રોજ થઈ હતી. અમુલ ડેરીના પ્રથમ ચેરમેન તરીકે અને રાજ્યસભાના 2 વખત સભ્ય તરીકે સેવા આપનાર ત્રિભુવનદાસ કાશીભાઈ પટેલને રેમન મેગ્સેસ એવોર્ડ (1963) તથા પદ્મભૂષણથી (1964) નવાજવામાં આવ્યાં હતાં.
- આ પહેલા અમુલ ડેરી **'ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ'**ના નામથી જાણીતી હતી જેને સરદાર વલ્લભભાઈ પટેલના સહકારથી શરૂ કરવામાં આવી હતી. ઈ.સ. 1955માં તેનું નામકરણ અમુલ ડેરી તરીકે કરવામાં આવ્યું.
- અમુલ ડેરીને ડૉ. વર્ગીસ કુરિયનનો સહયોગ મળતાં **'ઓપરેશન ફ્લડ'** અંતર્ગત **'શ્વેતક્રાંતિ'**ની શરૂઆત ઈ.સ. 1970 થી 1996 દરમિયાન થઈ હતી. જેના પરિણામે આ ડેરી એશિયાની સૌથી મોટી સહકારી સંસ્થા તરીકે સ્થાપિત થઈ.
- અમુલનું માર્કેટીંગ **ગુજરાત સ્ટેટ કો–ઓપરેટિવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ(GUJCOMASOL)** દ્વારા કરવામાં આવે છે. જેની સ્થાપના ઈ.સ.1960માં ત્રિભુવનદાસ પટેલ દ્વારા કરવામાં આવી હતી.
- એચ. એમ. દયાળા દ્વારા અહીં ભેંસના દૂધમાંથી પાઉડર બનાવવાની શોધ થઈ હતી.

### NDDB વિશે

- **16 જુલાઈ, 1965**ના રોજ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ની સ્થાપના ભારતના તત્કાલીન વડાપ્રધાન **લાલ બહાદુર શાસ્ત્રી**ના સમયગાળા દરમિયાન થઈ હતી. જેના પ્રથમ અધ્યક્ષ તરીકે ડો. **વર્ગીસ કુરિયન** નિમાયાં હતાં. શ્વેત ક્રાંતિના પિતા ડો. વર્ગીસ કુરિયન મૂળ કાલીકટ, કેરળના હતાં. પરંતુ, તેમણે ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવીને દૂધ

DEMO COPY

## પીઠોરાનાં ચિત્રો જેની આગવી ઓળખ છે તે....

# છોટા ઉદેપુર







DEMO COPY

- સંત કબીરજીએ વિક્રમ સંવત 1465માં નર્મદા યાત્રા કરી ભરૂચની ભૂમિને પાવન કરી હોવાની માન્યતા છે તેમજ સંત કબીરના નામ સાથે સંકળાયેલ 600 વર્ષ જૂનો કબીરવડ નર્મદા નદીના કિનારે આવેલો છે.



કબીરવડ

### લોકવાયકા

લોકવાયકા મુજબ જીવા અને તત્વા નામના બે ભાઈઓએ સંત કબીરના ચરણકમળનું ચરણામૃત સુકાયેલા વડના ઠૂંઠા ઉપર નાખતા તે વડ લીલોછમ થઈ ગયો જેને આજના **'કબીરવડ'** તરીકે ઓળખવામાં આવે છે.

- **'ઘનશ્યામ'** ઉપનામથી જાણીતા સાહિત્યકાર અને વર્ષ 1948માં ભારતના બંધારણ માટેની 'ખરડા સમિતિ'ના 7 કાયમી સભ્યમાંના એક કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેઓ ઈ.સ. 1937-39 દરમિયાન મુંબઈ રાજ્યના ગૃહમંત્રી હતાં. તેમણે ઈ.સ.1938માં મુંબઈમાં ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી હતી. તેઓ ઈ.સ. 1950માં કેન્દ્ર કૃષિમંત્રી રહ્યા અને ઈ.સ.1952માં ભારતમાં 'વનમહોત્સવ'ની શરૂઆત કરી હતી.
- હંસદેવનો આશ્રમ, ભારદ્વાજનો આશ્રમ, ભૃગુઋષિનું મંદિર, ભૃગુઋષિનો આશ્રમ, નવનાથનું મંદિર, ઝામી મસ્જિદ, ભરૂચનો કિલ્લો અને નર્મદા નદી ઘાટ વગેરે ભરૂચ જિલ્લાના જોવા લાયક સ્થળો છે.

## વાગરા

એશિયાના પહેલા કેમિકલ બંદર તરીકે વાગરા તાલુકામાં આવેલ દહેજ બંદર વિકસ્યું હતું. **દહેજ ગુજરાતનું સૌપ્રથમ કેમિકલ બંદર** તરીકે જાણીતું છે. અહીં કુદરતી ગેસ મેળવવા અને તેના રીગેસીફિકેશન માટે LNG ટર્મિનલ સ્થાપવામાં આવ્યું છે. દહેજ અને ભાવનગરના ઘોઘા બંદર વચ્ચે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના લોકો માટે મદદરૂપ એવી રો-રો (રોલ ઓન- રોલ ઓફ) ફેરી શરૂ કરવામાં આવી છે.



દહેજ બંદર

- ભરૂચની પહેલી મસ્જિદ 14મી સદીમાં ગાંધાર બંદર ખાતે બંધાઈ હતી. આ સ્થળે તેલ અને કુદરતી ગેસના ભંડાર મળી આવ્યા છે.
- વાગરા તાલુકાના લુવારા ગામ ખાતે નર્મદા નદીના કિનારે દીવાદાંડી આવેલી છે. જેમાં બેલ્જિયમ ગ્લાસ દ્વારા પરાવર્તિત પામેલા કિરણો પ્રકાશરૂપે ચારેય દિશાઓમાં ફેલાય છે.

### ☑ નોંધ

અલિયાબેટ પર આઝાદી બાદ સૌપ્રથમ વખત સ્થાનિક સ્વરાજની ચૂંટણી-2021 માં મતદાન કેન્દ્ર શરૂ થયું હતું.

## હાંસોટ

મધ્યકાલીન સમયમાં હાંસોટ અગત્યનું બંદર તરીકે જાણીતું હતું. તે સમયે અહીંથી ઈજિપ્ત આફ્રિકાના દેશો સાથે વેપાર થતો હતો.

## જંબુસર

**સાસુ-વહુના પ્રખ્યાત જૈન દેરા** કાવિ (કંબોઈ) ખાતે આવેલાં છે.

- કાવિ પાસે મહિસાગર નદીના સમુદ્ર સંગમ સ્થળે અરબસાગરમાં **'સ્થંભેશ્વર તીર્થ'** આવેલું છે. આ મંદિર **'દક્ષિણ ગુજરાતના સોમનાથ'** તરીકે તેમજ 'ગુપ્તતીર્થ' કે 'સંગમતીર્થ' તરીકે પણ ઓળખાય છે. અહીં સમુદ્રની ભરતી અને ઓટના કારણે 24 કલાક દરમિયાન બે વખત શિવલીંગ સમુદ્રમાં અદૃશ્ય થાય છે.



સ્થંભેશ્વર તીર્થ

### લોકવાયકા

લોકવાયકા મુજબ તાડકાસૂરે તપ કરીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા અને તેમની પાસે વરદાન માગ્યું કે 6 દિવસના બાળક સિવાય તેને કોઈ મારી શકે નહીં. તાડકાસૂરનો ત્રાસ વધતા દેવો અને ઋષિઓએ મહાદેવને વિનંતી કરી કે તાડકાસૂરથી અમારી રક્ષા કરો. ત્યારે શિવજીએ દેવોને કહ્યું કે તાડકાસૂરનો વધ મારો પુત્ર કાર્તિકેય કરશે અને કાર્તિકેયે તેમનો વધ કર્યો. પાછળથી કાર્તિકેયને ખબર પડી કે તાડકાસૂર શિવજીનો પરમ ભક્ત હતો ત્યારે તેમણે પ્રાયશ્ચિત કરવા માટે અહીં શિવલીંગની સ્થાપના કરી હતી.

# અગાઉની પરીક્ષામાં પૂછાયેલા અન્ય પ્રશ્નો

1. ગુજરાતમાં ભરાતા મેળા અને જિલ્લાના સંદર્ભમાં કઈ જોડ ખોટી છે ? (TET (1 થી 5) - 2012)
   (A) વૌઠાનો મેળો – અમદાવાદ
   (B) ભવનાથનો મેળો – જૂનાગઢ
   (C) માધવરાયનો મેળો – પોરબંદર
   (D) બધા સાચા
2. એશિયાનો સૌથી મોટો સોલારપાર્ક અને વિન્ડફાર્મ ગુજરાતના કયા જિલ્લામાં આવેલ છે ?
   (સબ–રજિસ્ટ્રાર (વર્ગ–3), 2013)
   (A) કચ્છ, ભાવનગર (B) કચ્છ, રાજકોટ
   (C) પાટણ, જૂનાગઢ (D) પાટણ, કચ્છ
3. જિલ્લા અને તાલુકાની કઈ જોડ સાચી નથી ?
   (સિનિયર ક્લાર્ક, 2014)
   (A) વલસાડ– પારડી (B) જામનગર–વિસાવદર
   (C) ગીર સોમનાથ– કોડીનાર (D) સુરેન્દ્રનગર– થાનગઢ
4. નવરચિત તાલુકાઓ માટે દર્શાવેલ જિલ્લાઓ પૈકી કઈ જોડ સાચી નથી ? (સિનિયર ક્લાર્ક, 2014)
   (A) નેત્રંગ–ભરૂચ (B) રાણાવાવ–પોરબંદર
   (C) વઘઈ–ડાંગ (D) ગીર ગઢડા– ગીર સોમનાથ
5. નીચેનામાંથી કયા વિધાનો સાચા છે ? (સ્પીપા–2015)
   1. ગુજરાતનું ચાંપાનેર–પાવાગઢ આર્કીઓલોજિકલ પાર્કએ ભારતની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાનું એક છે.
   2. અડાલજની વાવ એક મુસ્લિમ મહંમદ બેગડાએ રાણી રૂપબા માટે બનાવેલ
   (A) ફક્ત– 1 (B) ફક્ત– 2
   (C) ફક્ત– 1 અને 2 (D) ઉપરોક્ત એકપણ નહી.
6. ગુજરાતના જિલ્લા અને જિલ્લા મથકનું ખોટું જોડકું કયું ? (GSEB TET 14 2015 )
   (A) અરવલ્લી – લુણાવાડા (B) તાપી – વ્યારા
   (C) દેવભૂમિ દ્વારકા – ખંભાળિયા (D) ગીર – સોમનાથ – વેરાવળ
7. ગુજરાતમાં બોકસાઈટ સૌથી મોટા પ્રમાણમાં કયાં મળી આવે છે ?(જૂનિયર ક્લાર્ક, 2015)
   (A) કચ્છ અને જામનગર (B) મહેસાણા અને પાલનપુર
   (C) વડોદરા અને ખેડા (D) પંચમહાલ
8. અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોના સંદર્ભમાં નીચેનામાંથી એક જોડકું સાચું નથી. (ITI પ્રિન્સીપાલ વર્ગ–2, 2015)
   (A) સામુદ્રિક રાષ્ટ્રીય ઉદ્યાન, દેવભૂમિ દ્વારકા
   (B) હિંગોળગઢ પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્ય, રાજકોટ
   (C) જાંબુઘોડા અભયારણ્ય, દાહોદ
   (D) વેળાવદર કાળીયાર અભયારણ્ય, ભાવનગર
9. નીચે સરોવર / તળાવ અને શહેરના નામ આપ્યા છે તેની યોગ્ય જોડનો સાચો ક્રમ ક્યો થશે ? (GPSC- નાયબ મામલતદાર/નાયબ સેક્શન ઓફિસર 2015)

| | |
|---|---|
| 1. શર્મિષ્ઠા તળાવ | a. પાટણ |
| 2. ખાન સરોવર | b. સુરત |
| 3. ચંદન | c. વડોદરા |
| 4. ગોપીતળાવ | d. ડાકોર |
| | e. વડનગર |

   (A) 1-c , 2-e , 3-b, 4-a (B) 1-e , 2-a , 3-c, 4-b
   (C) 1-d , 2-c , 3-b, 4-a (D) 1-b , 2-d , 3-a, 4-e
10. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.
   (GSSSB રેવન્યુ તલાટી 2016)

| | |
|---|---|
| a સાત નદીઓનું સંગમસ્થાન – વૌઠા | 1 અમરેલી જિલ્લો |
| b દેવાધિદેવ મહાદેવનું ભવ્ય શિવાયલ– બિલેશ્વર | 2 ભરૂચ જિલ્લો |
| c કવિ કલાપીની કર્મભૂમિ – લાઠી | 3 રાજકોટ જિલ્લો |
| d પ્રતિ 18 વર્ષે ભરાતા કુંભમેળાનું સ્થળ– ભાડભૂત | 4 અમદાવાદ જિલ્લો |

   (A) a-4, b-3, c-1, d-2 (B) b-1, c-2, d-3, a-4
   (C) c-3, d-4, a-2, b-a (D) d-2, a-1, b-3, c-4
11. સુરત અને ખંભાત કયા ઉદ્યોગ માટે જાણીતું છે ? (GIDC ક્લાર્ક કમ ટાઈપીસ્ટ, 2016)
   (A) ખાંડ (B) ખાતર
   (C) જરી (D) સિમેન્ટ
12. નીચેનામાંથી કઈ જોડી ખોટી છે ? ( SPIPA 2016)
   (A) પાટણ : સહસ્ત્રલિંગ તળાવ
   (B) ધોળકા : મલાવ તળાવ
   (C) જામનગર : નવઘણની વાવ
   (D) ઉપરોક્ત પૈકી એકે નહિ

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## ભાગ 3

# પરિશિષ્ટ

- ગુજરાતમાં સૌપ્રથમ
- ભૌગોલિક ઉપનામ
- ગુજરાતમાં સૌથી મોટું ,લાંબુ, ઉંચુ
- ગુજરાતનાં જંગલોમાં જોવા મળતા વૃક્ષો
- ગુજરાતમાં જોવા મળતા જંગલ વિસ્તારના પ્રકારો
- ચીજવસ્તુઓ/ઉધોગો અને તેની વિગત
- ગુજરાતનાં રાષ્ટ્રીય ઉધાનો
- ગુજરાતનાં 22 અભયારણ્ય
- રાજ્યમાં આવેલ સાંસ્કૃતિક વનોની યાદી
- ગુજરાતના વિવિધ પ્રદેશોમાં જોવા મળતી પશુઓની જાતો
- ગુજરાતમાં આવેલા ધોધ
- ગુજરાતમાં અવેલી વાવ
- વાવના મુખ્ય ચાર પ્રકારો
- વાવના અન્ય પ્રકારો
- ગુજરાતમાં આવેલા તળાવ
- ગુજરાતના સરોવર
- ગુજરાતમાં આવેલા કુંડ
- ગુજરાતની મુખ્ય ડેરીઓ
- ગુજરાતના એન્જિનિયરિંગ ઉધોગો
- ગુજરાતના બંદરો
- ગુજરાતમાંથી પસાર થતા ધોરી માર્ગો
- ગુજરાતમાં આવેલા સંશોધન કેન્દ્ર
- ગુજરાતના મહેલો
- ગુજરાતના આવેલા ગ્રંથાલય,લાયબ્રેરી અને વિધાપીઠ

DEMO COPY



| | | | | | |
|---|---|---|---|---|---|
| 17. | બાલારામ અંબાજી અભયારણ્ય (1989) | 542.08 | અમીરગઢ | બનાસકાંઠા | નીલગાય, રીંછ |
| 18. | પાણીયા પ્રાકૃતિક અભયારણ્ય (1989) | 39.63 | ધારી | અમરેલી | એશિયાઈ સિંહ, ચિત્તલ, ચિંકારા |
| 19. | પૂર્ણા અભયારણ્ય (1990) | 160.84 | આહવા | ડાંગ | વાઘ, સાબર, હરણ, વાંદરા |
| 20. | જાંબુઘોડા અભયારણ્ય (1990) | 130.38 | જાંબુઘોડા | પંચમહાલ | રીંછ |
| 21. | કચ્છ ઘોરાડ અભયારણ્ય (1992) (સૌથી નાનું અભયારણ્ય) | 2.03 | અબડાસા | કચ્છ | ઘોરાડ અને ચિંકારા |
| 22. | મિતિયાલા વન્યજીવ અભયારણ્ય (2004) | 18.22 | સાવરકુંડલા અને ખાંભા | અમરેલી | એશિયાઈ સિંહ, ચિત્તલ, ચિંકારા, દીપડો, નીલગાય |


**☑ નોંધ**

- 3, 9, 14, 15, 16, 21 નંબરના અભયારણ્ય ગુજરાતમાં આવેલા 6 પક્ષી અભયારણ્ય છે.
- ગાંધીનગર ખાતે ઈન્દ્રોડા પાર્ક પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર આવેલું છે.
- વર્ષ 2008થી કચ્છના રણનો 12,454 વર્ગ કિલોમીટર જેટલો વિસ્તાર જૈવ આરક્ષિત ક્ષેત્ર (Biosphere Reserve) જાહેર કરાયો છે.

DEMO COPY

### 9. રાજ્યમાં આવેલ સાંસ્કૃતિક વનોની યાદી

| ક્રમ | વનનું નામ | સ્થળ (જિલ્લો) | વિગત |
|---|---|---|---|
| 1. | પુનિત વન (2004) | ગાંધીનગર | સંત પુનિત મહારાજના નામ પરથી ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક વન સાબરમતીના કિનારે. |
| 2. | માંગલ્ય વન (2005) | અંબાજી (બનાસકાંઠા) | ગુજરાતની સૌથી મોટી શક્તિપીઠ પાસે |
| 3. | તીર્થંકર વન (2006) | તારંગા (મહેસાણા) | અજિતનાથના જૈન દેરાસર પાસે |
| 4. | હરિહર વન (2007) | સોમનાથ (ગીર સોમનાથ) | પ્રથમ જ્યોતિર્લિંગ પાસે |
| 5. | ભક્તિ વન (2008) | ચોટીલા (સુરેન્દ્રનગર) | ચામુંડા માતાના મંદિર પાસે |
| 6. | શ્યામળ વન (2009) | શામળાજી (અરવલ્લી) | મેશ્વો નદીના કિનારે, શામળાજીના ડુંગર અને શામળાજીના મંદિર પાસે |
| 7. | પાવક વન (2010) | પાલીતાણા (ભાવનગર) | જૈનોના ધામમાં |
| 8. | વિરાસત વન (2011) | પાવાગઢ (પંચમહાલ) | વિશ્વામિત્રી નદી કિનારે આવેલ મહાકાલી માતાના મંદિર પાસે |
| 9. | ગોવિંદગુરુ સ્મૃતિ વન (2012) | માનગઢ હીલ, ગડરા (મહીસાગર) | આદિવાસીઓને સ્વાતંત્ર્યની દિશા બતાવનાર ગોવિંદ ગુરુની યાદમાં |
| 10. | નાગેશ વન (2013) | દ્વારકા | ગુજરાતનું બીજું જ્યોતિર્લિંગ |
| 11. | શક્તિ વન (2014) | કાગવડ (જેતપુર–રાજકોટ) | ખોડલધામમાં– નારી તું નારાયણી થીમ ઉપર બનેલું વન |
| 12. | જાનકી વન (2015) | વાસંદા (નવસારી) | પૂર્ણા નદીની બાજુમાં, રામાયણની થીમ પર બનેલું વન |
| 13. | આમ્ર વન (2016) | બાલચોંઢી, કપરાડા (વલસાડ) | ––– |




યુવા ઉપનિષદ્ પરિવારના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન
GPSC CLASS 1/2 2019ના સફળ ઉમેદવારો
1
અંકિત ગોહિલ
ડે.કલેક્ટર
5
શિવાંગી શાહ
ડે.કલેક્ટર
17
તૃપ્તી પટેલ
ડે.કલેક્ટર
Rank 62
વિક્રમસિંહ ભંડારી
ડે.કલેક્ટર
Rank 151
પાર્થ પરમાર
લેબર ઓફિસર
Rank 206
મહાવીરસિંહ પરમાર
લેબર ઓફિસર
Rank 243
માધવીબેન મિસ્ત્રી
મામલતદાર
GPSC 2018ના સફળ ઉમેદવારો
Rank 3
પ્રવિણસિંહ જેતાવત
ડેપ્યુટી કલેક્ટર (ડી.સી.)
Rank 5
બ્રિજેશકુમાર ઉપાધ્યાય
આસિ.કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ (વર્ગ-1)
Rank 33
અજીતભાઈ વણોલ
આસિ.કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્ષ (વર્ગ-1)
Rank 48
વિભૂતિ કાકડીયા
આસિ.કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્ષ (વર્ગ-1)
પ્રણવ વિઠાણી
ડેપ્યુટી કલેક્ટર (ડી.સી.)
રમેશભાઈ બલદાણિયા
સામાજીક કલ્યાણ અધિકારી
ભાવેશ પટેલ
એકાઉન્ટ ઓફિસર
હિરેન કાકડીયા
આસિ. પ્રોફેસર (GES Class-2) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-2
Dy. S.O / નાયબ મામલતદાર 2018-19 ના સફળ તારલાઓ
1st RANK
શિવાંગી શાહ
28 RANK
રોનક કોશિયા
70 RANK
આનંદ જોષી
364 RANK
હરસિદ્ધિ પટેલ
395 RANK
તેજલ ગામીત
નશાબંધી અને આબકારી વિભાગ, જમાદાર (ASI)ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં દ્વિતીય ક્રમાંક
નશાબંધી અને આબકારી ઈન્સપેક્ટર (PI)ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં દ્વિતીય ક્રમાંક (જનરલ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક)
2 RANK
કેતનકુમાર પાઘડાળ
STI 2020 ના સફળ ઉમેદવારો
Rank 3
Kaushal Virda
Rank 49
Dhaval Rupapara
Rank 62
Mayank Patel
Rank 101
Parth Pastagia
Rank 184
Keyur Patel
Rank 218
Subhash Barhat
Rank 256
Mayur Patel
Rank 285
Kirti Prasad
Rank 305
Hasti Paladia
Rank 309
Gopi Borda
Rank 329
Margi Patel
Rank 359
Nirali Patel
Rank 378
Priyanka Gamit
YUVA UPNISHAD®
FOUNDATION
2nd Floor, Ankur Shopping Center, Near Gujarat Gas Circle,
Adajan, Surat. Mo: 99094 39795
ADAJAN 99094 39795
UDHNA 99046 34498
NAVSARI 90994 42310
VALSAD 99094 39971
VYARA 74348 39380
GODHRA 740549 7591
JUNAGADH 88662 51051
VARACHHA 83479 30810
DHARAMPUR 85115 39971
Join
YuvaUpnishadFoundation
Yuva Upnishad Foundation
YuvaUpnishadFoundation
Yuva Upnishad Foundation

## યુવા ઉપનિષદ્ પબ્લિકેશનની સંલગ્ન સંસ્થા

# YUVA UPNISHAD FOUNDATION

# યુવા ઉપનિષદ્ ફાઉન્ડેશનના વર્ગ-3 ની પરીક્ષાના સફળ ઉમેદવારો





YUVA UPNISHAD FOUNDATION

Head Office : 2nd Floor, Ankur Shopping Center, Nr. Gujarat Gas Circle, Adajan, Surat. Mo. 99094 49289

ADAJAN : 99094 39795
UDHNA : 99046 34498
NAVSARI : 90994 42310
VALSAD : 99094 39971
VYARA : 74348 39380
GODHRA : 74054 97591
JUNAGADH : 88662 51051

Follow us on
/ Yuva Upnishad Foundation

For Govt. Competitive Exam Join

# YUVA UPNISHAD
PUBLICATION

UPSC, GPSC Class 1/2, RFO, STI, Dy. SO, PI, PSI/ASI/IO, Constable, ATDO, Binsachivalay Clerk, Head Clerk, Sr. Clerk, Talati

YouTube
Yuva Upnishad Foundation
SUBSCRIBE

Branches

| ADAJAN | UDHNA | VARACHHA | NAVSARI | VALSAD | VYARA | GODHRA | JUNAGADH | DHARAMPUR |
|---|---|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 99046 34498 | 83479 30810 | 90994 42310 | 99094 39971 | 74348 39380 | 74054 97591 | 88662 51051 | 85115 39971 |

Join YuvaUpnishadFoundation | Yuva Upnishad Foundation | YuvaUpnishadFoundation | YouTube Yuva Upnishad Foundation